RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-5 | Ahmedabad, Monday 05/12/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86


## આ અંકમાં શું વાંચશો?





મણિકરણના રહસ્યો ૨





"આત્મવિશ્વાસ" ૩


પશુ – પંખીઓની એક્તા એ જંગલ બચાવ્યુ! ૪





ધી ઓપન પેજ દ્વારા સાચા અર્થમાં સ્પેશિયલ બનાવેલ 'બાળ દિવસ' ૬-૭





વિશ્વના વિજ્ઞાની રેલવેના પિતામહ જ્યોર્જ સ્ટીફન્સન ૯





કાળા નાણાં સામેની લડાઇ ભારતે જીતવી જ રહી ૧૨


# "મારા વિચારો – મારી જીંદગી"

# MY THOUGHTS – MY LIFE

ચાલો, આપણા આયનાના અનેક વર્ષોમાંનુ આ વર્ષને એવુ ધન્ય અને જીવંત બનાવીએ એક નવા વિચારના માધ્યમથી. જે જોઇને લોકો પણ પોકારી ઉઠે, વાહ… વાહ…

તે માટે સૌ પ્રથમ શું કરવાનુ છે – તે વિચારીએ "Know thyself" પોતાની જાતને સૌ પ્રથમ ઓળખવાનો પ્રયત્ન કરીએ.. તો કેવી રીતે ? હું Who – Who are you ? હું કોણ છું ? તમે તમારી જે માન્યતાઓ હોય તેને લઇને વિચારો પછી તે આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષણિક ઇત્યાદિ કોઇપણ પરિપ્રેક્ષ્યમાં .. પછી વિચારો ?

Why I am ? શા માટે હું જ ? જ્યારે પણ કોઇ કાર્યબોજ આપણા ઉપર આવે ત્યારે વિચાર આવે છે ને કે શા માટે હું જ ? What I am ? Like કારણ તમે સક્ષમ છો એટલે.. આમ વિચારો અને સફળ બનો.

સાથે સાથેએ નિરંતર વિચાર કરો, કે મારે શું કરવાનુ છે, હું શું કરી રહ્યો છું અને મારે શું નથી કરવાનુ તો કાર્યચોક્કસતા આપ મેળે જ થઇ જશે.

તકલીફ ક્યાં પડે છે, ઘણી વખત દરેક વ્યક્તિ પોતાના જ સ્વભાવ, આદતો કે માન્યતાઓના ઓઠા હેઠળ એવી દબાઇ ગયેલ હોય છે કે જેથી તે પોતાની અંદર પડેલી શક્તિઓને બહાર કાઢીને વાપરી શકતો નથી. એટલે જ તો એવુ થાય છે કે હું સક્ષમ છું, છતા કેમ સફળ થતો નથી ? આવી પરિસ્થિતિનુ નિર્માણ થાય છે, ત્યારે જરાક ડોકીયુ કરીને જોશો

**જીવન જીવવાની ત્યારે જ મઝા આવે, જ્યારે અંર્તમન આનંદિત હોય,**
**જેણે મન જાણ્યુ, તેણે જગત માણ્યુ.**
**ખરેખર, નિત્ય પ્રત્યે આ અંર્તદ્દષ્ટિ કરવા જેવો વિચાર છે.**
**જેવો વિચાર, તેવો આચાર**
**જેવો આચાર, તેવો વ્યવહાર**
**જેવો વ્યવહાર, તેવું જીવન**
**એવું જીવન, ધન્ય જીવન**
**એટલે જ જીવનનાં મૂળમાં**
**– એક માત્ર 'વિચાર'**
**એટલે જ કહેવાયુ છે ને કે "વિચાર બવાયે જીંદગી"**

તો ખબર પડશે, તે માટે કારણભૂત છે માત્ર આળસ

- આયોજનનો અભાવ કે અતિઆયોજનનુ ભારણ
- "હું" અને "મારા" અહંના ભાર હેઠળ તો એવો દબાઇ, ધરબાઇ કે સંકોચાઇ ગયો છું કે મારો હાથ ઝાલીને કોઇ બહાર લાવી શકે તેમ નથી, ત્યારે આપ વિચારજો કે હવે સમય આવી ગયો છે…

મારી અંદર પડી રહેલી મારી સુષુપ્ત શક્તિઓને બહાર લાવીને, મારી અંદરની અસ્મિતાઓને જગાડવાની, મારી સંવેદનાઓને સચેતન કરવાની અને હવે હું કટાઇ જવા, મુરઝાઇ જવા,દબાઇ જવા કે કચડાઇ જવા માંગતો નથી તો આ એક નવા



વિચાર સાથે નવી જીંદગી બનાવીએ.

આ નવા વર્ષના સંકલ્પમાં હું જ મારા મનના સામ્રમાજ્યનો બેતાજ બાદશાહ બનવા માગુ છું તો તો ચાલો મારો દુશ્મન બીજો કોઇ નહી પણ હુ જ છુ આ મારા "હું" ને બહાર કાઢીને ફેંકી દઇને હવે "હું" નહી "આપણે" થઇને એક નવા વિચાર સાથે નવી જીંદગી બનાવીએ.




**નરેન્દ્ર રાઠોડ,**
**સેક્રેટરી ટુ ડાયરેક્ટર જનરલ, સ્પીપા, અમદાવાદ**




# "સ્વાસ્થ્ય સૌને માટે"

'પહેલુ સુખ તે જાતે નર્યા' શરીર સ્વસ્થ અને નિરોગી ન હોય તો બીજી બધી અનેક ભૌતિક સુખ સગવડો પણ સંતોષપૂર્વક માણી શકાય નહી. આમ, તંદુરસ્ત શરીર એ સુખ પ્રાપ્તિનું પહેલુ પગથિયુ છે. આપણા શાસ્ત્રોએ પણ ધર્મસાધના માટે પ્રથમ સ્વસ્થ શરીરને જ સાધનરૂપ ગણ્યુ છે.

'शरीर माधं खलु धर्म साधनम्'

કુદરતે આપેલ શરીર જૂજ અપવાદો બાદ કરતા પોતે તંદુરસ્ત રહેતુ જ હોય છે પણ માનવી પોતાના શરીર પર તેને પ્રતિકૂળ વાતાવરણમાં ઢાળે, ખાન-પાનમાં કાળજી ન રાખે, જીભના તથા શરીરના શોખ વધી જાય. પરિણામે શરીર સ્વાસ્થ્ય બગડે છે. અને છેવટે વ્યક્તિએ ડોકટરનો આશરો લેવો પડે છે.

તન-મનને તંદુરસ્ત રાખવા માટે માનવીએ અનેક રીતે સતત પ્રયત્નો કરવા પડે છે. સ્વચ્છ પાણી, હવા અને પૌષ્ટિક ખોરાક એ શારીરિક સ્વાસ્થ્ય માટેની પ્રાથમિક જરૂરીયાતો છે. જો કુદરતમય રીતે જીવીએ તો આ બધુ સહેજે આપણને મળી શકે, પણ કુદરતનુ સાનિધ્ય છોડવાથી, દિનચર્યા, ઋતુચર્યા અને આરોગ્યના નિયમોનુ પાલન ન કરવાથી સ્વાસ્થ્ય બગડે છે. અને વિવિધ પ્રકારના રોગો ઉદ્ભવે છે. જાણીતા ગ્રીક શરીરધારની હિપોક્રેટીસે તો ભારપૂર્વક કહ્યુ હતુ કે દવાના બાટલા, ટિકડીઓ, કેપ્સ્યુલો, ઇન્જેકશનો, મેડિકલ સ્ટોર પર જ રહેવા દો. પોષણયુક્ત ખોરાક એ જ ઉત્તમ દવા છે, અને ખોરાકના ફેરફારથી મોટાભાગના રોગો મટી શકે છે. અથવા તો થતા જ નથી.

## "આરોગ્યવર્ધક – સ્વાસ્થ્ય સુરક્ષક સોનેરી સૂત્રો"

- જેનુ પેટ સાફ તેના હજાર ગુના માફ
- જેવુ ભોજન તેવુ વર્તન, અન્ન એવો ઓડકાર
- પહેલુ સુખ તે જાતે નર્યા, આહાર એ જ ઔષધ
- માનવીની હોજરી અનેક રોગોની જન્મદાત્રી છે.
- જો દાક્તર અને દર્દી મળી આહારનો પ્રશ્ન વિચારે તો પછી દવાની કોઇ જરૂર નથી (ડો. વનહાર)
- આહાર સુધારો આરોગ્ય એની મેળે સુધરશે. (ગાંધીજી)
- ૯૦% દર્દોનુ મૂળ આહારની ભૂલો હોય છે.
- તમારો ખોરાક તમારી દવા બની રહે છે. (હિપોક્રેટસ)
- જઠરાગ્નિ આહાર પચાવે છે, પેટમાં આહાર ન હોય તો જઠરાગ્નિ રોગો-દોષોને પચાવી દૂર કરે છે.
- કબજીયાતની બલા સર્વ રોગોનુ મૂળ છે.
- કબજીયાત એ રોગ નથી, પણ એક ગંભીર રોગોને જન્મ આપનાર ફરિયાદ છે.
- અયોગ્ય આહાર આરોગ્ય અને આયુષ્યનો નાશ કરે છે. (મહર્ષિ ચરક)
- ઓછુ જીવવુ હોય તો વધુ ખાજો, વધુ જીવવુ હોય તો ઓછુ ખાજો. અતિ આહાર રોગોનો ઉત્પાદક, સુખનો વિનાશક છે. (ગાંધીજી)
- જ્ઞાન એ જ એક રોગ નિવારક ભરોસાલાયક વિજ્ઞાન છે.
- તંદુરસ્ત રહેવાના જ નિયમો છે તે જ નિયમો વડે ખોવાયેલી તંદુરસ્તી પાછી મળી શકે છે. (ગાંધીજી)
- તમામ પ્રકારના રોગો મટાડે તેવા તત્વો ફળોમાં કુદરતે ઉદારતાથી ભરેલ છે. (ડો. એલેસ્કોપી)
- બિમારીમાં ખોરાક ઝેર છે. ઉપવાસ સારવાર છે.
- ભણતા-ભણતા બહુ જાણ્યો, વિદ્યા અન્ય અનેક, શરીર સાચવણી તણો અક્ષર ન જાણ્યો એક એ તો ભણતરા તુચ્છ છે, વળી બુદ્ધિ પણ વ્યર્થ, શરીર સાચવણી વિના સરેન સઘળો અર્થ. સાજુ હોય શરીર તો સઘળી વાત સુખ, નહી તો નાણુ બધુ છતા, પ્રત્યેક દિને દુઃખ.
- માલિશ તમામ ચિકિત્સા પ્રણાલિકાની માતા છે.

નિરાપદ ને નિરામય હો આપની જીવન યાત્રા.




**સથવારા નિમિષા**
**પ્રિન્સીપાલ**

# "નવલી નાતાલના વધામણાં"

પ્રિય વાચક મિત્રો,

આપ સર્વને મારા પ્રેમભર્યા નમસ્કાર.

'ક્રિસમસ' જેને નાતાલ પણ કહેવાય છે. એ એક અતિ આનંદનો પ્રસંગ છે. તે વિશે આપને જણાવતા આનંદ અનુભવુ છુ, નાતાલ એ ઈસુના જન્મનું પર્વ છે. જેને આખી દુનિયા આનંદ પૂર્વક ઉજવે છે. તે આનંદના પર્વને સાંકળી લેતી કેટલીક વાતો અત્રે પ્રસ્તુત કરું છું.

● **માનવ સર્જનઃ**

ઈશ્વરે શબ્દોના પરાક્રમ વડે સુંદર સૃષ્ટિનુ નિર્માણ કર્યું. પૃથ્વી રૂપી સુંદર બાગનું નિર્માણ કર્યા બાદ ઈશ્વરે પ્રથમ નર અને નારીનુ નિર્માણ કર્યું. પ્રથમ નરને આદમ અને પ્રથમ નારીને હવા નામ આપ્યું. તેમને ઈશ્વરે એદમબાગમાં મુક્યા. ઈશ્વરના સર્જનનો આહ્‌લાદક આનંદ માણતા તેઓ એદનબાગમાં જીવી રહ્યા હતા. ઈશ્વરે એદનબાગમાં વચ્ચો વચ્ચ એક ભલુંભડું જાણનાર વૃક્ષ બનાવ્યું અને આદમ હવાને આજ્ઞા આપી કે આ વૃક્ષનું ફળ ખાવુ નહીં. પરંતુ તેઓ શેતાનના ભૂલાવામાં આવ્યા. ફળ તોડીને ખાધુ અને ઈશ્વરે શિક્ષા સ્વરૂપે તેમને એદનબાગમાંથી કાઢી મુક્યા. જીવનનો બધો જ આનંદ છીનવાઈ ગયો. પૃથ્વી પર પાપનો પ્રવેશ થઈ ગયો.



● **પ્રભુનો પ્રેમઃ**

માણસ ઈશ્વરનુ સર્જન છે. ઈશ્વર તેને બહુ જ પ્રેમ કરે છે. પરંતુ માનવના પાપના કારણે ઈશ્વર દુઃખી થઈ ગયા. ઈશ્વર નહોતા ઈચ્છતા કે માનવ હંમેશા પાપમાં જ જીવન જીવ્યા કરે. તેથી પ્રભુએ માનવ બચાવ માટે એક યોજના તૈયાર કરી.

● **ઈસુનો જન્મ - નાતાલ**

માનવના એ બચાવની યોજના હતી – "ઈસુનો જન્મ" જેને આખુ વિશ્વ "નાતાલ" કે "ક્રિસમસ" ના નામથી જાણે છે. "આનંદ જગમા તારક જન્મયો" હા, માનવના પાપમાંથી ઉદ્ધાર કરવા માટે ઈસુનો જન્મ થયો. કારણકે ઈશ્વરે પૃથ્વી પર પ્રેમ કર્યો. પોતાના પુત્રને મોકલ્યો જે આખા જગતના તારનાર થવાના હતા. મરિયમે બેથલેહેમ નામના ગામમાં એક ગભાણમાં ઈસુને જન્મ આપ્યો. મરિયમે એક કપડામાં લપેટીને બાળ ઈસુને ગભાણમાં સુવાડ્યા. ઈસુનો જન્મ થયો તે રાત્રે ઘેટા પાળકો ખેતરમા રહીને પોતાના ઘેટાં સાચવતા હતા. ત્યારે એક સ્વર્ગદૂત તેઓની પાસે આવીને ઉભો રહ્યો. ને ઈશ્વરનો પ્રકાશ તેઓની આસપાસ દેખાયો. દૂતે તેઓને કહ્યું. જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છુ. અને તે સર્વ લોકોને માટે થશે.

આનંદની વાત સર્વ લોકોને માટે હતી. ઈસુ માનવજાતના પાપના ઉદ્ધાર માટે જન્મ લઈ ચુક્યા હતા. પૃથ્વી પર સર્વત્ર આનંદ છવાઈ ગયો હતો કારણકે એક તારનાર પ્રભુ ઈસુ જન્મયા હતા. નાતાલનો સાચો આનંદ તો માનવના હૃદયમાં થવો જોઈએ.

વ્હાલા મિત્રો, નાતાલ ની આ વાત તમને ગમી હશે. કેક, ડેકોરેશન, અવનવા વસ્ત્રો પરિધાન કરવા એ બધો તો માત્ર બાહ્ય આનંદ છે. પણ સાચો આનંદ તો હૃદયમાં હોવો જોઈએ. એ હૃદયના આનંદ સાથે સૌ ક્રિસમસ ઉજવીએ તેવી શુભેચ્છા સાથે આપ સૌને..

"મેરી ક્રિસમસ"



**ઉષા ક્રિશ્ચિયન**
**શિક્ષક, અમદાવાદ**

# મણિકરણના રહસ્યો

કુલ્લુથી ૩૫ કી.મી. દૂર આવેલુ 'મણિકરણ' ભક્તો માટેનુ સ્વર્ગ કહેવાય છે. દર્શનાર્થીઓ માટેનુ આ સ્થળ એવુ કહેવાય છે કે જે અહીની મુલાકાત લઈ લે તેને 'કાશી' ની મુલાકાત જેટલુ પુણ્ય પ્રાપ્ત થાય છે.

ગરમ પાણીના ઝરાઓ માટે પ્રખ્યાત એવુ મણિકરણ રહસ્યો પોતાના ખોળામાં લઈ બેઠુ છે. બરફ જેવા ઠંડા પાણી સાથે વહેતી 'પાર્વતી નદી' ની બાજુમા જ ગરમ પાણીના ઝરણા આવેલા છે. ભગવાન 'શિવ' ના હિમાલયના વસવાટ તેમજ 'ગુરૂનાનક દેવ'ના મુલાકાતના કિસ્સાઓ પ્રવાસીઓને ઘણાજ આકર્ષે છે.

રહસ્યો પ્રવાસીઓના આકર્ષણનુ હંમેશા સ્થાન બને છે. અને મણિકરણમા એ બધુ જ છે. શીખ અને હિંદુ સમુદાયના લોકો માટેના આ યાત્રાધામમાં એક સિક્કાની બે બાજુ માફક બે જુદી કહાનીઓ સાંભળવા મળે છે. શીખોનુ ગુરૂદ્વારા અને હિંદુઓના મંદિરો યાત્રાળુઓ માટે આકર્ષણના કેન્દ્રો બને છે. ભુન્ટારના ઈશાન ખૂણે આવેલા કુલ્લુ જિલ્લાના મણિપુરમાં.

મણિકરણની દંતકથાઓ ત્યારની છે. જ્યારે ભગવાન 'શંકર' તેમની પત્નિ 'પાર્વતી' સાથે ૧૧૦૦ વર્ષ સુધી અહિ આવીને વસેલા. તેઓના વસવાટ દરમ્યાન રમૂજના સમયે પાર્વતીમાતાએ તેમના કાનની બુટ્ટીનો એક 'મણી' ગુમાવી દીધો અને ભગવાન શંકરને તે મણી શોધી આપવા માટે કહ્યુ. કહેવામા આવે છે કે પાર્વતીજીનો એ મણી શેષનાગ પાસે જઈ પહોંચ્યો હતો, કે જે શેષનાગની પૂછ પર આપણી પૃથ્વી ઉભી છે. તેમ માનવામાં આવે છે. શિવજીના પ્રયાસ બાદ જ્યારે તેઓ મણી ન મેળવી શક્યા. ત્યારે તેમણે તાંડવ રચ્યુ અને પોતાની ત્રીજી આંખ ખોલીને પ્રકોપ સર્જયો. શિવજીના આ ક્રોધે શેષનાગને તેની પાસે રહેલો મણી પાછો આપવા ફરજ પાડી અને તેમણે પોતાના ફેંણમાંથી અસંખ્ય અમૂલ્ય મણીઓ બહાર ફેંક્યા. પાર્વતી માતાને તેમાથી પોતાનો મણી લઈ લેવા માટે કહ્યું. અને આમ કર્યા બાદ તેમણે બાકીના મણીને પથ્થર બની જવા માટેનો શ્રાપ આપ્યો. સાંભળવામા આવે છે કે શેષનાગના ફેંણમાંથી મણી બહાર કાઢતા સમયે ગરમ પાણીના ઝરણા પણ બહાર આવ્યા અને આ રીતે હિંદુ સંપ્રદાય મુજબ ત્યાં ના ગરમ પાણીના ઝરણાઓનો ઉદ્‌ગમ થયો. સાંભળવામાં તો એટલુ પણ આવે છે કે તે ધરતીમાંથી ૧૯૦૫ના ભુકંપ સુધી



લોકોએ મણી બહાર આવતા નજરે જોયા છે.

બીજી તરફ શીખ સમુદાયના લોકો તેઓના 'ગુરૂ નાનક દેવજી' ની ૧૬મી સદીની મણિકરણની મુલાકાતને ઉજવે છે. તેઓની કહાની પ્રમાણે પોતાની મુલાકાત દરમ્યાન જ્યારે ગુરૂ નાનકે 'લંગર' માટે સામાન મંગાવ્યો. ગામ વાસીઓએ અનાજ, ધાન્ય વગેરે લાવીને તેમની સામે રજુ કર્યુ. પરંતુ ત્યાં તે અનાજ ને પકવવા માટે અગ્નિ ન હતી. ગુરૂ નાનકે પોતાના શિષ્યોને જમીન પરના પથ્થરો ઉચકવા માટે કહ્યુ અને જ્યારે તેમ કરવામા આવ્યુ, ત્યાર ના દ્દશ્ય એ લોકોને અચંબામા મુકી દીધા. ઉઠાવેલા પથ્થરો નીચેથી ગરમ ઉકળતુ પાણી નજરે પડ્યુ. એટલુ ગરમ કે કોઈપણ પ્રકારનુ અનાજ પકવી દે. પરંતુ, તે પાણીના તળાવમાં અનાજ મુકતા જ ડૂબી જતુ હતુ. શિષ્યોએ જ્યારે મુંઝાઈને ગુરૂજીને પૂછ્યુ ત્યારે તેઓએ સલાહ આપી કે અનાજને પોતાના માટે પકવ્યા પહેલા પ્રભુને અર્પણ કરો. અને પ્રભુજ આપણો આધાર છે. તેમના કહેવા મુજબ જ્યારે પ્રભુને અર્પણ કરવાનુ વચન આપવામા આવ્યુ. ઝરણામાનું અનાજ પાણીની સપાટી પર તરવા લાગ્યુ અને 'લંગર' તે રીતે તૈયાર કરાયુ, આજની તારીખમાં તે સ્થળે શીખોનુ પવિત્રધામ ગુરૂદ્વારા બનાવવામાં આવ્યુ છે અને તે જ ગરમ પાણીના ઝરણાઓમાં આજે હજારો લોકો માટે દરરોજ 'લંગર' બનાવવામાં આવે છે.

ગુરૂદ્વારાની બહાર નીકળતા જ એક ટનલ પસાર થાય છે. જેને 'ગરમ કોઠી' ના નામથી જાણવામાં આવે છે. ગરમ કોઠીના પથ્થરો આજની તારીખમાં પણ એટલા ગરમ જોવા મળે છે કે આપણે વધુ સમય સુધી ખુલ્લા પગ સાથે ઉભા ન રહી શકીએ. આ ટનલ ઘણી જ રહસ્યમય રીતે તેની સારવાર શક્તિ માટે જાણીતી છે. માનવામાં આવે છે કે ત્યાનાં પથ્થરોની ગરમી સાંધાના દુખાવા જેવી બિમારીઓ દૂર કરવા માટે જાણીતા છે. ઘણાં વૃદ્ધો પણ ત્યાં બેઠેલા નજરે પડે છે. જેઓ વિવિધ બિમારીઓથી પીડાતા હોય છે.

શિવ મંદિરનો જરૂખો ઉકળતા ગરમ પાણીનો કૂવો ધરાવે છે. અને પાણીના એ પરપોટા આપણા વિચારોને અચંબિત કરી મૂકે છે. પાર્વતી નદી જ્યારે તેના પૂર જોશમાં પાછળના ભાગમાં વહેતી હોય ત્યારે લોકો માટે માનવુ ઘણુ જ કઠીન છે કે બન્ને તરફના પાણી કઈ રીતે આટલા નજીક હોવા છતા તાપમાનમાં લગભગ ૧૦૦ ડીગ્રી તફાવત ધરાવતા હોઈ શકે. પાર્વતી નદીનો અજેય બરફીલા પાણીનો પ્રવાહ એક તરફ અને ગરમ પાણીના ઝરણાઓનુ ઉકળતુ ધુમાડા છોડતુ પાણી લોકોને મંત્રમુગ્ધ કરે છે. પ્રવાસીઓ માટે લાકડાના ફટ્ટા પણ મુકેલા નજરે પડે છે. કારણકે તે ગરમ પાણી અને પથ્થરો વચ્ચેથી પસાર થવુ અશક્ય છે.

રહસ્યો અને દંતકથાઓથી ભરપૂર મણિકરણનો ઈતિહાસ અનેરો અને લોકોને સામાન્ય એવો છે. પરંતુ જ્યારે પોતાની નજરે આ દ્દશ્યો માણો ત્યારે મૂક બની જવા સિવાય પ્રવાસીઓ પાસે કોઈ અનુભવ નથી રહેતો.



**મિનલ જોશી**
**પ્રવાસી**





વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# ૨ ૩ ૪ G અને

૨૨મી સદી તરફ પ્રયાણ કરી રહેલ આધુનિક માનવની માનસિકતાને સૌથી વધુ સારી રીતે વ્યાખ્યાયિત કરી શકતા શબ્દોમાંનો એક શબ્દ છે- ઝડપ. સુપર સોનિક, ઈન્સ્ટન્ટ, ઓન ધ સ્પોટ જેવા શબ્દ માટે વચ્ચે માણસ દિવસે ને દિવસે વધુ ઝડપથી – વધુ વિકાસ તરફ યંત્રોના માધ્યમથી સુપર ફોટોન સ્પીડથી ગતિ કરી રહ્યો છે. આ ગતિમાં તેણે જે જાદુઈ ચિરાગ નો સાથ મળી રહ્યો છે તેનુ નામ છે. ઈન્ટરનેટ ટેક્નોલોજી ઈન્ટરનેટ થકી 'કર લો દુનિયા મુઠ્ઠીમે' ટેગલાઈન ને સાર્થક કરવા ભણી સતત અને સતત આગળ વધી રહ્યો છે. આ વણથંભી ગતિ ૧G થી લઈને ૪G સુધી વિસ્તરી છે. અને હવે પછી શુ ?—તેવો પ્રશ્ન સૌ કોઈના મનમાં રમી રહ્યો છે. માણસ એક દિવસ આ ગતિ, ટેકનોલોજી, યાંત્રિકતાથી પણ કંટાળશે, પણ એને હજુ વાર છે, કારણકે ૪G એ ટેક્નોલોજીની મોટી છલાંગ ખરી, પણ ચરમસીમા નથી.

**૨G,૩G,૪G ની માયાજાળ :**

૨G,૩G,૪G સંજ્ઞામાં G નો મતલબ જનરેશન એવો થાય છે. ૧G એટલે કે પ્રથમ પેઢીના ૨.૪ kbps સ્પીડ ધરાવતા સેલફોન તો આજે બાબા આદમ કરતાયે વધુ જુના લાગવા મંડ્યા છે. તે ઝડપે આપણે ટેક્નોલોજીમાં પ્રગતિ કરી રહ્યા છીએ. જ્યાં ૨Gની સ્પીડ ૬૪ kbps હતી તે ૩G માં વધીને ૨૦૦૦ kbps થઈ અને ૪G માં એ જ સ્પીડ વધીને થઈ ગઈ છે ૧,૦૦,૦૦૦ kbps ! જ્યાં ૧૦ મિનિટનો વિડિયો ડાઉનલોડ કરવામાં ૨G ટેકનોલોજીમાં ૧૦ મિનિટ અને ૪૦ સેકન્ડ લાગતી હતી ત્યાં ૪G આ કામ માત્ર ૫૩ સેકન્ડમાં પૂરૂ કરી નાખે છે.

દુનિયાના અગ્રગણ્ય દેશોમાં ૨G ટેકનોલોજી આવ્યા બાદ ભારતને તેનો લાભ ૨૫ વર્ષ પછી મળ્યો. ૩G એકાદ દાયકાના વિલંબ બાદ આવ્યુ. ૪G વૈશ્વિક લોંચના પાંચ વર્ષ પછી મળ્યુ અને હવે ૫G આપણને લગભગ દુનિયાની સાથો સાથ મળશે એવું હાલમાં જ પ્રથમ IT પરિષદને દિલ્હીમાં સંબોધતા આપણા IT મંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યુ.

> માણસ આટલો બધો આગળ નીકળી ગયા બાદ પોતાને એકલો પડી પછી એકલતા મહેસૂસ કરી દુ:ખ અનુભવે તે ટેકનોલાજી અને ઝડપની મોટી કરૂણતા છે.

**વર્ચ્યુઅલ ઓગમેન્ટેડ અને મિકસ્ડ રિયાલિટી :**

વર્ચ્યુઅલ રિયાલિટી એટલે એવી ટેકનોલોજી જે આપણે ઘરમાં હોઈએ તોય ક્રિકેટના ભરચક સ્ટેડિયમમાં હોઈએ એવો આભાસ કરાવે. આ ટેક્નોલોજી આપણી આસપાસનુ વાતાવરણ ભુલાવી ને તદ્દન નવી સ્થિતિમાં પહોંચી ગયાનો અનુભવ કરાવે છે. અત્યારે ગેમિંગમાં આ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે.

જ્યારે ઓગમેન્ટેડ રિયાલિટીમાં આપણી આસપાસની વાસ્તવિકતા સાથે આપણો સંપર્ક જળવાઈ રહે છે. અને તેમાં ડિજિટલ ઈન્ફોર્મેશન ઉમેરાય છે. ગૂગલ ગ્લાસ તેનુ ઉદાહરણ છે.

મિકસ્ડ રિયાલિટીમાં ટેકનોલોજી આ બંને પાસાની વધુ સેળભેળ કરે છે ! માઈક્રોસોફ્ટ હોલોલેન્સ તેનુ ઉદાહરણ છે.

**૫G સાથેનુ ઓગમેન્ટેડ રિયાલિટીનુ વિશ્વ:**

ઓગમેન્ટે એટલે કોઈપણ બાબતમાં કશુકે નવુ ઉમેરવું. આપણી આસપાસના વાસ્તવિક જગતમાં જે ખૂટતી બાબતો અલગ-અલગ સ્વરૂપે ઉમેરે તેને ઓગમેન્ટેડ રિયાલિટી ટેક્નોલોજી કહે છે.ઓગમેન્ટેડ રિયાલિટી આપણા વાસ્તવિક જગતના વાતાવરણમાં ૫G અને મોબાઈલ ફોન દ્વારા પેદા થતો ઓડિયો, વિડિયો, ગ્રાફિક્સ કે GPS ડેટા ઉમેરીને એક નવો જ અનુભવ સર્જવાની કરામત છે.

કલ્પના કરો કે કોઈ બહુમાળી ઈમારતમાં આગ લાગી હોય અને તેમા ફસાયેલ વ્યક્તિઓને બચાવવા માટે અગ્નિશામક દળના જવાનો કામે લાગ્યા હોય તેમને ઈમારતમાં ક્યા માળે, ક્યા રૂમમા કોઈ વ્યક્તિ ફસાયેલી છે તેનું એકઝેકટ લોકેશન જાણવા મળી જાય તો ? એ વ્યક્તિ સુધી પહોંચવાના રસ્તે ક્યા ભાગમાં આગની કેટલી તીવ્રતા છે એની પણ જાણકારી ઘડીના છઠ્ઠા ભાગમાં મળી જાય તો ?

કોઈ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને બચાવવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવાની એમ્બ્યુલન્સ અને ડોકટરની ટીમ આવી ગઈ હોય અને તેઓ એમ્બ્યુલન્સના કાચ પર ક્લિક કરી તેને મોબાઈલ સ્ક્રિનમાં ફેરવી નાખે અને ઈજાગ્રસ્ત વ્યક્તિની કલાઈડમાં સ્ટોર થયેલી મેડિકલ હિસ્ટ્રી જેમ કે તેનુ બ્લડગ્રુપ, એલર્જી, ડાયાબિટીસ, કઈ દવાનુ રીએકશન આવે છે, અગાઉની કોઈ ગંભીર બિમારી વગેરે બધી જ માહિતી મેળવી લે તો તેની ઝડપી અને યોગ્ય સારવારથી બચી જવાની શક્યતા કેટલી બધી વધી જાય.

**નેકસ્ટ ઈઝ વ્હોટ:**

પણ છેવટે આ બધી યાંત્રિકતા અને ઝડપી દુનિયાથી માણસ કંટાળવાનો છે. એ પણ નક્કી, કારણકે માણસ એ યંત્ર નથી. ઝડપની મજા સાથે સાથ મર્યાદાઓ પણ છે જ. માણસ આટલો બધો આગળ નીકળી ગયા બાદ પોતાને એકલો પડી પછી એકલતા મહેસૂસ કરી દુ:ખ અનુભવે તે ટેકનોલાજી અને ઝડપની મોટી કરૂણતા છે.

ઝડપના સાચા ઉપયોગની જગ્યાએ તેનો ઉપયોગો અકસ્માત સર્જતા હોય છે. અંતમા આ ટેકનોલોજીથી માણસ માણસાઈની પાછળ જે દોટ દોડી રહ્યો છે તે ખતરનાક છે. પણ ટહુકો, પહેલા વરસાદમાં પલળવાનો આનંદ સંયુક્ત કુટુંબમાં સાથે બેસવાની ક્ષણો, વાતાવરણ આપી શકતી નથી. અને એમ રોબિન શર્માનુ પુસ્તક – The monk who sold his ferrari કાયમ માટે સાચુ ઠરતુ રહે છે. લોકો શાંતિની શોધમાં પ્રકૃતિ, વેદ અને સંસ્કૃતિ તરફ પાછાં વળતા રહે છે.



**કનાલા ધર્મેન્દ્ર અરજણભાઇ**
સાવરકુંડલા

# "આત્મવિશ્વાસ"



"આત્મવિશ્વાસ એટલે પોતાની જાતમાં વિશ્વાસ" પોતાની આવડતમાં શ્રદ્ધા. પરંતુ એની સાથે સાથે વિનમ્રતા, સરળતા અને સહજતા હોવા અનિવાર્ય છે. આત્મવિશ્વાસ કોઈપણ વ્યક્તિ માટે અનિવાર્ય ગુણ છે. તમે જે ધારો છો એવું માનવામાં કશુ જ ખોટુ નથી. બલ્કે ખરેખર તો જે લોકો સપના જુએ છે તે જ એને પૂરા કરી શકે છે.

તમે કરી શકો છો. એમ માનવામાં કશુ જ ખોટુ નથી, પરંતુ માત્ર તમેજ કરી શકો છો. એમ માનનારા હંમેશા ખોટા પડે છે. બીજાની લીટી ટુંકી કરવાથી તમારી લીટી મોટી થશે એમ માનનારા લોકો વધુ પડતા આત્મવિશ્વાસની બિમારીથી પીડાય છે. સતત 'હું' 'મારૂ' અને 'મને' વિશે કહ્યા કરતા લોકો બીજાની નજરમાં હાસ્યાસ્પદ અને અણગમો ઉપજાવનારા બની જાય છે. મોટી મોટી વાતો કરતાં માણસોને આખરે મશ્કરીનું પાત્ર બનવું પડે છે.

મોટાભાગના માતા-પિતા પોતાના સંતાનોને સાચી જગ્યાએ ટોકવાને બદલે એમને છાવરીને કે એમની ભૂલને સંતાડીને એમનુ જ નુકશાન કરે છે. માતા-પિતાની ફરજ છે કે પોતાના બાળકોને સત્ય સમજાવે અને એમની ભૂલ દેખાડીને ફરીથી એ ભૂલ કરતા રોકે.

સંતાનના પ્રેમમાં આંધળાં માતા-પિતા પોતાના જ બાળકનું ભવિષ્ય જાણે – અજાણ્યે બરબાદ કરી નાખતા હોય છે. પોતાનુ બાળક દરેક માતા-પિતાને હોંશિયાર લાગે છે. પરંતુ સમાજમાં રહેનાર દરેક વ્યક્તિએ અમુક પ્રકારનું સત્ય ખુલ્લી આંખે જોવું જ પડે છે. જ્યારે જ્યારે બાળકના તમે બિનજરૂરી વખાણ કરો છો અથવા એની ભૂલને નજર અંદાજ કરીને કે જુઠું બોલીને એને બચાવો છો ત્યારે તમે તમારા પ્રેમનુ નહીં પણ માતા-પિતા તરીકેની અણ આવડતનું પ્રદર્શન કરો છો.

વધુ પડતો આત્મવિશ્વાસ આવા જ પ્રકારનાં ઉછેરમાંથી સર્જાય છે. જ્યારે બાળકને સત્ય જોવા જ ના દો ત્યારે એને જીંદગીના કેટલાક અનુભવો થતા નથી. એને પોતાની ભૂલ સમજાતી નથી. એને સુધરવાનો મોકો પણ મળતો નથી. સમય સાથે તેને પણ ખોટો દંભ અને વખાણની ટેવ પડી જાય છે.

આ બાળકને મોટા થઈને ખોટીખોટી વાતો કરીને પોતાનુ મહત્વ વધારવાની ટેવ પડી જાય છે. આવી વ્યક્તિઓ દરેક વાતમાં પોતાની પાસે વધુ માહિતી છે અથવા પોતાની પાસે વધુ આવડત છે. તેવુ સાબિત કરવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. કોઈ એમની ભૂલ કાઢે કે સલાહ આપે એ એમનાથી સાંખી લેવાતું નથી. બહુ નવાઈની વાત એ છે કે આવી વ્યક્તિઓ સામાન્ય રીતે બીજાની ટીકા કરવામાં એક ક્ષણ અચકાતી નથી. વધુ પડતો આત્મ વિશ્વાસ માણસને નુકશાન કરે છે. અને સૌથી મોટી તકલીફ એ છે કે વધુ પડતો આત્મ વિશ્વાસ ધરાવતી વ્યક્તિ ક્યારેય વિકાસ સાધી શકતી નથી પોતે બીજાથી અલગ અને વધુ હોંશિયાર છે. પોતાને બધુ જ આવડે છે. એમ માનતી આવી વ્યક્તિઓ વારંવાર પછડાટો ખાય છે. અને નકારાત્મક બનવા લાગે છે. અને એક જગ્યાએ ફ્રિઝ થઈ જાય છે. આવી વ્યક્તિઓ મિત્રો બનાવી શકતી નથી. સંબંધ બાંધે તો પણ બહુ જ આસાનીથી સંબંધો ગુમાવી બેસતી હોય છે.

વધુ પડતો આત્મવિશ્વાસ ધરાવતી વ્યક્તિઓ ની બીજી નબળાઈ એ છે કે તેમનાથી હાર અથવા નિષ્ફળતા સહન થતી નથી. સુપિરિયારીટી કોમ્પલેક્સ ની એક મજાની વાત એ છે કે ઘણીવાર આ વધુ પડતો આત્મવિશ્વાસ, પોતાની પાસે આત્મવિશ્વાસ ન હોય તેવા અભાવમાંથી જન્મે છે. આવી વ્યક્તિઓ ખોટા અહંકારમાં સંબંધો બગાડે છે અને છેવટે હાસ્યાસ્પદ બની જાય છે.

જો આ ટેવ યથાવત રહે તો ધીમે-ધીમે વૈમનસ્ય, ઈર્ષા અને અહંકાર તેમના વ્યક્તિત્વનો હિસ્સો બની જાય છે. કોઈની વાત કાપી નાખવી, કોઈ બીજી વ્યક્તિનાં વખાણ થતા હોય તેના વિષે ઘસાતુ બોલવુ વગેરે તેમની ઉણપો છે.

છેલ્લે, આ જગતમાં દરેકને ઈશ્વરે સ્પેશિયલ બનાવ્યા છે. તેથી સામેની વ્યક્તિમાં ગુણો શોધવાનો પ્રયાસ તમને દરેકની નજરમાં ખાસ બનાવશે. પરંતુ જો તમે સામેની વ્યક્તિનાં અવગુણો શોધીને તમારા ગુણો વિશે શેખી માર્યા કરશો તો તમે સામાન્ય વ્યક્તિની નજરમાં અતિ સામાન્ય બની જશો એ નક્કી છે.



**જયશ્રી દવે**
પ્રિન્સિપાલ



# પશુ – પંખીઓની એકતા એ જંગલ બચાવ્યુ !

બાળ મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે અત્યારે માનવ વસ્તી કૂદકે ને ભૂસકે વધી રહી છે. આપણને રહેવા માટે જગ્યા જ ક્યાં છે.? આપણે ગામડા ભાંગી, ખેતરો વેચી શહેરોની સરહદ વધારતા જ જઈએ છીએ. આપણી જરૂરીયાતો પુરી કરવા માટે આપણે જંગલો પણ કાપી નાખીએ છીએ એમાં બિચારા નિર્દોષ પશુ-પંખીઓનો ભોગ લેવાઈ જાય છે.

એક વખત શહેરના સ્થાપતિઓએ ( ઘર-મકાન બાંધનારા બિલ્ડરો) મકાન બાંધવા માટે જમીન મેળવવા અને માલ સામાન માટે લાકડા મેળવવા શહેર નજીકનુ એક નાનુ જંગલ પસંદ કર્યું.જંગલમાંથી વૃક્ષો કાપી નાખે તો ખુલ્લી જગ્યા મળી જાય જ્યા મકાનો બાંધી શકાય. વૃક્ષોના લાકડા પણ મળી જાય એ લોકો એમની મોંઘી ગાડીઓ લઈ જંગલમાં ગયા.

બધા ભેગા મળીને જંગલ કાપવાની યોજના નક્કી કરતા હતા. ત્યા નજીકના વૃક્ષ પર દોડા- દોડી કરતી ખિસકોલીઓએ એમની વાતો સાંભળી. જંગલ કાપવાનુ છે એ જાણતા જ ખિસકોલી તો ધ્રુજી ઉઠી. ‘‘અરે બાપ રે, જંગલ કપાઈ જશે તો આપણે સૌ જશુ ક્યાં ?.’’

ખિસકોલીઓએ રોકક્કડ કરી મુકી અને બધા પશુ પંખીઓને ભેગા કરી દીધા.ખિસકોલીઓએ જે સાંભળ્યુ હતું એ સૌને કીધુ. માણસો જંગલ કાપીને ઘર બનાવશે. એવુ સાંભળીને કાગડાઓ હસાહસ કરવા લાગ્યા. અને ખિસકોલીઓની મશ્કરી કરવા લાગ્યા. પરંતુ પોપટભાઈઓ એકદમ ગંભીર બની ગયા.

શાણા પોપટે બધાને કહ્યુ. ‘‘મિત્રો, આ હસવાની વાત નથી. જો આ માણસો જંગલ કાપી નાખશે તો આપણે સૌ ઘરબાર વગરના થઈ જઈશુ.અને પછી આપણા સંતાનોનું શું થશે?. આપણી પેઢીઓ જ નાશ પામશે માટે આપણે સૌએ ભેગા થઈને આ દૃષ્ટ માણસોને રોકવા જ પડશે.’’

શક્તિશાળી માણસ પાસે બાપડા-બિચારા પશુ – પંખીઓનુ શુ ગજુ ? પરંતુ આ તો જીવન મરણનો સવાલ એટલે સૌએ એક થઈને માણસોનો મુકાબલો કરવા યોજના ઘડી કાઢી.

રાત દિવસ જંગલની ચોકી કરીને, માણસો જંગલ કાપવા આવે ત્યારે સૌ પશુ-પંખીઓને જાણ કરી દેવાનુ નક્કી કર્યું. દિવસે અમુક પશુ-પંખીઓ પહેરો ભરે અને રાતે નિશાચરો પહેરો ભરે.

દિવસની ચોકી કરવાનુ કામ ઘોડાઓ, ઘેટાઓ, વાંદરાઓ અને સસલાઓએ ઉપાડી લીધુ. ઘોડાની આંખો તમામ પ્રાણીઓની આંખો કરતા મોટી હોય છે. વળી ઘોડાની આંખો એના માથાની બે બાજુઓએ હોય છે એટલે ઘોડો એક સાથે ૩૬૦ ડીગ્રીએ ગોળ ફેરવીને જોઈ શકે છે. એટલે કે બધી દિશાએ એક સાથે જોઈ શકે છે. સસલા પણ મોઢુ ફેરવ્યા વગર એમની પાછળ શુ છે તે જોઈ શકે છે. ઘેટા ભલે નીચુ મોઢું કરી ચાલ્યા જતા હોય પણ તેઓ લગભગ ૩૦૦ ડીગ્રીએ જોઈ શકે છે. આથી ઘેટાઓ મોઢું ફેરવ્યા વગર જ એમની પાછળ શુ છે તે જોઈ શકે છે. પ્રાણીઓએ ઘોડા, સસલા અને ઘેટાની આ શક્તિઓનો ફાયદો ઉઠાવવાનુ નકકી કર્યું.

જંગલની એક દિશાએ ઘોડાઓ ઉભા રહી ગયા. બીજી દિશાએ ઘેટા ઉભા રહી ગયા. બીજી બે દિશાઓએ વૃક્ષો પર મોટા વાંદરા ચડી ગયા. વાંદરાઓની પીઠ પર નાના સસલા બેસી ગયા. ઉંચા વૃક્ષો પરથી તેઓ ચારે બાજુ શું થઈ રહ્યુ છે તે જોઈ શકતા હતા. આમ જંગલની ચારે બાજુએ સજ્જડ ચોકી પહેરો થવા લાગ્યો. માણસો આવતા દેખાય એટલે વાંદરા, સસલા, ઘેટા અને ઘોડા બધા જ પશુ પંખીઓને સજાગ કરી દેતા.

પછી સમડી, બાજ, કાગડા અને બીજા પંખીઓ એમના તીક્ષ્ણ નહોર વડે માણસોને મારવા લાગતા. વાંદરાઓ અને જંગલી કૂતરાઓ એ દુષ્ટ લોકોને બચકા ભરવા લાગતા. મોટા શિંગડાવાળા પશુઓ જોર જોરથી દોડીને લોકોને અડફેટે લેતા. જંગલ કાપવા આવતા દુષ્ટ લોકોમાં તો હાહાકાર વ્યાપી ગયો. દુષ્ટો તોબા પોકારી ગયા. એમણે નક્કી કર્યું કે હવે દિવસે નહી પણ રાતે જંગલ કાપીશુ. આ જાનવરો અંધારામાં આપણને જોઈ નહી શકે.

પરંતુ એમને ક્યાં ખબર હતી કે રાતે પણ જંગલના નિશાચરો ચોકી પહેરો કરવાના છે.? ઘુવડ તો રાતના રાજા કહેવાય. ઘુવડ અંધારામાં જોઈ શકે અને વળી પાછા માથુ ૩૬૦ ડીગ્રીએ ગોળ ફેરવીને પાછળ પણ જોઈ શકે. ચામાચિડિયા પણ રાતે અંધારામાં જોઈ શકે. ચામાચિડિયાતો કોઈપણ વસ્તુ કેટલા અંતરે છે તે પણ પારખી શકે છે. તેઓ અવાજ કરે અને પછી રાહ જુએ. અવાજના તરંગો આગળની વસ્તુઓ પર અથડાઈને કેટલી ઝડપમાં પાછા આવે છે તેના પરથી તેઓ નક્કી કરી શકે છે કે કોઈપણ વસ્તુ એમનાથી કેટલી દૂર છે. ઘુવડ અને ચામાચિડિયાની આવી શક્તિઓનો ઉપયોગ કરીને પશુ પંખીઓએ રાતનો ચોકી પહેરો પણ એકદમ મજબૂત બનાવી દીધો.

દુષ્ટ માણસો રાતે જંગલ કાપવા આવ્યા. ત્યારે ઘુવડ અને ચામાચિડિયા એમને જોઈ ગયા. તેઓ ડરામણા અવાજો કરવા લાગ્યા. કેટલાક ચામાચિડિયાઓને નાના પણ અતિ તીક્ષ્ણ દાંત હોય છે. તેનાથી તેઓ માણસના શરીરની ચામડી પણ ઉતરડી નાખે. આવા ચામાચિડિયાઓએ દુષ્ટો પર હુમલાઓ કરીને એમના ગળા પર જ બચકા ભરી લીધા. વાંદરાઓએ સુકા ઝાડ હલાવવા માંડ્યા. રાતના આછા અજવાળામાં ડોલતા વૃક્ષોના પડછાયાથી બિહામણા આકારો બનતા હતા. પશુ પંખીઓ ચિત્ર-વિચિત્ર અવાજો કરવા લાગ્યા.

પોપટ તો માણસની જેમજ બોલી શકે! એટલે પોપટોએ માણસ જેવો ઘેરો અવાજ કાઢી બોલવા માંડ્યું. ‘‘દુષ્ટો ભાગો અહીથી નહીતર પિશાચ આવીને તમારી ગરદન કચડીને તમારૂ લોહી ચૂસી લેશે.’’ હકીકતમાં તો પિશાચ નહી પણ ચામાચિડિયાઓ જ એમને ગળે કરડતા હતા.!

દુષ્ટ માણસો ‘‘ભૂત - ભૂત’’ કરતા ભાગી ગયા.

આમ માણસ જાતની ભૂત-પ્રેતની ખોટી માન્યતાઓનો પશુ-પંખીઓએ પુરેપુરો ફાયદો ઉઠાવ્યો ! ભૂત- પ્રેત, પિશાચ આ બધુ તો માણસના મનની ઉપજ છે. માણસના ડરપોક મનમાં આવા-આવા વિચારો આવે અને પછી રાતમાં હાલતા આકારો જોઈને, અવાજો સાંભળીને ડરવા લાગે. ચામાચિડિયા કરડે તો માને કે પિશાચ બચકા ભરે છે!

આ રીતે પશુ-પંખીઓએ એકતાથી અને એમની પાસેની કુદરતી શક્તિઓનો ઉપયોગ કરીને એમનુ જંગલ બચાવી લીધુ! ફરી પાછુ ‘‘જંગલમાં મંગલ’’ થઈ ગયું !

દોસ્તો, આપણે પણ હંમેશા એકતા રાખીને અને આપણને મળેલ અસંખ્ય શક્તિઓનો ઉપયોગ કરીને રહેવુ જોઈએ. તો જ આપણે આપણી પૃથ્વીને સ્વર્ગ સમી સુંદર બનાવી શકીશું અને આપણા જીવન ઉજાળી શકીશું.



**તુષાર જે. અંજારીયા**

## વૈદિક ગણિત

### કોઇપણ સંખ્યાનો ૯ વડે ભાગાકાર કરો

કોઇપણ સંખ્યાને ૯ વડે ભાગવી હોય તો આપણે ગણતરી કર્યા વગર ભાગફળ તથા શેષ મેળવી શકીએ તો ચાલો ઉદાહરણ દ્વારા આ બાબતને સ્પષ્ટ કરીએ.



**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી, રાજકોટ**

#### ઉદાહરણ : ૧

**૫૩ - ૯** ૫૩ને બે ભાગમા વહેચો આથી જમણી બાજુ ફક્ત એક જ અંક મળે.
: ૫૩ના ભાગ = ૫/૩
હવે ભાગફળ = ૫/૩ની ડાબી બાજુની સંખ્યા
આથી ૫ થાય શેષ = બંન્ને અંકનો સરવાળો =
૫ + ૩ = ૮
આમ ૫૩ + ૯ માં ભાગફળ ૫ તથા શેષ ૮ થાય.

#### ઉદાહરણ : ૨

**૮૬ – ૯** ૮૬ના એવા બે ભાગ પાડો જેમા જમણી બાજુ ફક્ત એક જ અંક મળે
: ૮૬ના ભાગ ૮/૬
હવે ભાગફળ = ૮/૬ની ડાબી બાજુની સંખ્યા ૮ થાય.
શેષ= બંન્ને અંકનો સરવાળો = ૮+૬ = ૧૪
અહી ૧૪ એ ૯ થી વધુ છે
આથી ૧ + ૪ = ૫ શેષ થાય
તથા ભાગફળમાં + કરવા
આથી ભાગફળ ૮+૧ = ૯
આથી ૮૬ – ૯ માં ભાગફળ ૯ તથા શેષ ૫ થાય.

#### ઉદાહરણ : ૩

**૮૩૬- ૯**
૮૩૬ના એવા બે ભાગ પાડો જેમા જમણી બાજુ ફક્ત એક જ અંક મળે
: ૮૩૬ ના બે ભાગ ૮૬ના ભાગ ૮૩/૬
અહી ભાગફળ
(૮+ ૧) ૮ + ૩ = ૧૧ = ૧ + ૧ = ૨)
આમ ભાગફળ (૮ + ૧) ૨ = ૯૨ થાય
આથી ૯૨ થાય.
શેષ બધા અંકોનો સરવાળો ૮ + ૩ + ૬ = ૧૭ =
૧ + ૭ ૮ થાય.
આમ ૮૩૬+ ૯માં ભાગફળ ૯૨ તથા શેષ ૮ થાય.
ઉપરોક્ત બાબતને વધુ સરળ રીતે રજૂ કરી શકાય.
**૮૩૬- ૯**
ભાગફળ તો પ્રથમ અંક = ૮
ભાગફળ તો બીજો અંક =
૮ + ૩ = ૧૧ = ૧ + ૧ = ૨
આમ ભાગફળ (૮+ ૧) ૨=૯૨ થાય
શેષ ૮+ ૩+ ૬=૧૭=૧+ ૭=૮
આમ ૮૩૬ + ૯માં ભાગફળ ૯૨ તથા શેષ ૮ થાય.

#### ઉદાહરણ : ૪

**૨૪૨ – ૯**
ભાગફળનો પ્રથમ અંક =૨
ભાગફળનો બીજો
અંક = ૨ + ૪ = ૬
ભાગફળ = ૨૬
શેષ = ૨ + ૪ + ૨ = ૮
આમ, ૨૪૨ – ૯માં ભાગફળ = ૨૬
તથા શેષ ૮ થાય.




# ચિત્રકલા



**કનીશા શાહ**
ધોરણ ૮, ત્રિપદા ડે સ્કુલ, અમદાવાદ




**અંજલિ**
ધોરણ ૫, ધ રોઝરી સ્કુલ, રાજકોટ




**દિવાન અમિના**
ધોરણ ૮, શ્રી લધરામ સ્કુલ



**પંચાલ અનેરી**
ધોરણ ૬, શ્રી સત્ય સાંઇ વિદ્યા નિકેતન

# કેવી રીતે બનાવવુ પેપર ગલુડિયુ



**તમારે શું કરવાની જરૂર પડશે**

- ૨ ટોઇલેટ ટ્યુબ
- પેઇન્ટ બ્રશ પેઇન્ટ કલર
- પંચીગ
- વળેલી પ્લાસ્ટીક સ્ટ્રો
- દોરી
- ૨ પોપલીકલ લાકડીઓ
- ઓફિસ કોટ સ્ટીકરો
- ૨ ગુગલી આંખો
- ગુંદર
- કાતર

**કેવી રીતે બનાવશો**


- ટોઇલેટ પેપર ટ્યુબને કલર કરો. એકને અડધી કાપી લો. એક અડધો ભાગ માથુ બનાવવા અને બીજો અડધો ભાગ કાન બનાવવા માટે
- કાન માટે – 8 ના આકાર પ્રમાણે કાપો. અને માથાના એક સાઇડના ભાગ પર ગુંદરથી ચોટાડો. કાર્ડબોડને જ્યા કાન ચોટાડયો ત્યાં દબાવો. કાન વળગી રહે તે માટે માથા પર એક ઇન્ડેટ બનાવો.
- ક્રોસ રચના બનાવવા માટે બે પોપસીકલ લાકડીઓ ગુંદરથી ચોટાડો.
- પગ બનાવવા માટે શરીરના નીચેના ભાગમા પંચીગથી ચાર કાણા પાડો. પગના કાણામાંથી બે છ ઇંચની દોરી પસાર કરો. બેન્ડી સ્ટ્રોના ટુકડાઓ નાખો. દરેકને અંતે ગાંઠ મારો અને વધારાના ભાગને કાપી લો.
- ટ્યુબની બીજી બાજુ, શરીરની અંતમા પંચીગ કરો. લગભગ ૨૪ ઇંચ જેટલી લાંબી દોરી આખા શરીર અને માથામાંથી પસાર કરો . પોપસીકલ સ્ટીકને ક્રોસ કરવા માટે બાંધી લો.
- પૂંછડી બનાવવા માટે એક બેન્ડી સ્ટ્રો કાપી ગુંદર થી ચોંટાડો અને ઓફિસ ડોટ સ્ટીકર અને ગુગલી આંખો પણ ચોંટાડો.

# યોગ-૫ મત્સ્યેન્દ્રાસન

કહે છે કે મત્સ્યેન્દ્રાસનની રચના ગોરખનાથના ગુરૂ સ્વામી મત્સ્યેન્દ્રનાથે કરી હતી. આ આસનમાં ધ્યાનમગ્ન રહેવું પડે છે. મત્સ્યેન્દ્રાસનની અડધી ક્રિયાને લઇને જ અર્ધમત્સ્યેન્દ્રાસન પ્રખ્યાત થયું. તેમાં એક સાવચેતી રાખવી કે, કરોડરજ્જુમાં કોઇ તકલીફ હોય અને પેટમાં કોઇ ગંભીર બિમારી હોય તો આ આસન ન કરવું.

**વિધિઃ–**

- બેસીને બંને પગ લાંબા કરવામાં આવે છે. ત્યારબાદ ડાબા પગના ઘૂંટણથી વાળીને એડીને મળમાર્ગ નીચે જમાવો. હવે જમણા પગના ઘૂંટણને વાળીને ઉભો કરી દો અને ડાબા પગની જાંઘ ઉપરથી લઈને જાંઘની પાછળ જમીન પર મૂકી દો. હવે ડાબા હાથને જમણા પગના ઘૂંટણથી પાર કરીને અર્થાત ઘૂંટણને બગલમાં દબાવતા ડાબા હાથથી જમણા પગનો અંગૂઠો પકડો. હવે જમણી પીઠ પાછળથી ફેરવીને ડાબા પગની જાંઘનો નીચેનો ભાગ પકડો. માથું જમણી બાજુ એટલુ ફેરવો કે થોડો વધુ ડાબો ખભો એક સીધી રેખામાં આવી જાય. નીચેની બાજુ વળો નહી. છાતી એકદમ ફૂલેલી રાખો.
- આ એક બાજુનું આસન થયું. આ પ્રકારે પહેલા જમણો પગ વાળીને, એડી મળદ્વારની નીચે દબાવીને બીજી બાજુનું આસન પણ કરો. શરૂઆતમાં પાંચ સેકંડ માટે આ આસન પૂરતું છે. પછી અભ્યાસ વધારીને એક મિનિટ સુધી આસન કરી શકો છો.



**લાભઃ**

અર્ધમત્સ્યેન્દ્રાસનથી મેરૂદંડ સ્વસ્થ રહેવાથી સ્ફૂર્તિ બનેલી રહે છે. કરોડરજ્જૂની સાથે તેમાંથી નીકળનારી નાડીઓને પણ સારી કસરત મળી જાય છે. પીઠ, પેટ, પગ, ગરદન, હાથ, કમર, નાભિથી નીચેના ભાગ અને છાતીની નાડીઓને સારો ખેંચાવ મળવાથી તેના પર સારો પ્રભાવ પડે છે. જેને ફળસ્વરૂપે બંધકોષો ખૂલી જાય છે. જઠરાગ્નિ તીવ્ર થાય છે. વિવૃત-યકૃત, પ્લીહા અને નિષ્ક્રિય વૃક્કને માટે આ આસન લાભદાયી છે. કમર, પીઠ અને સંધિસ્થાનોનો દુઃખાવો જલ્દી દૂર થઈ જાય છે.

# મોસંબી સંતરા હેલ્થી જ્યુસ



**સામગ્રી**

- ૨ મોસંબી
- ૨ સંતરા
- સંચળ
- દળેલી ખાંડ જરૂર મુજબ
- પાણી જરૂર મુજબ

**રીત :**


- સૌ પ્રથમ સંતરા અને મોસંબીની છાલ કાઢી જ્યુસરમાં લઇ વાટી લેવું.
- હવે તેને ગરણીથી ગાળી લો.
- જરૂર મુજબ પાણી, ખાંડ અને સંચળ ઉમેરી મિક્સ કરો.
- સર્વિંગ ગ્લાસમાં લઇ સર્વ કરવું.



# જો જો પાછા હસતા નહી

## ડોકટર સાહેબ

**લેડી ડોક્ટર** (મહેશને) તમે રોજ સવારે ઉભા રહીને સ્ત્રીઓને કેમ તાકતા રહો છો.
**રમેશ** (ડોક્ટરને) ડોક્ટર સાહેબ, તમે જ તો બોર્ડ પર લખી રાખ્યુ છે કે સ્ત્રીઓને જોવાનો સમય સવારે ૯થી ૧૧.



## શેઠ અને નોકર

એકવાર એક શેઠે એક ગામડિયાને નોકર તરીકે ઘરમાં રાખી લીધો અને તેને થોડા મેનર્સ શીખવાડતા કહ્યું કે તું કોઇની પણ સાથે વાત કરે તો તેમના નામ આગળ જી લગાવીને વાત કરજે. એક દિવસ શેઠ ઘરમાં બેઠા હતા. તેટલામાં નોકર દોડતો-દોડતો આવીને બોલ્યો – શેઠજી કૂતરાજીએ મરઘીજીને પકડી લીધી છે.

## રસોઇઓ ભુલક્કડ

ગ્રાહક (વેઇટરને) આ શાકમાં કેટલું મીઠું નાખી દીધું છે, તમે લોકો ચાખીને પણ જુઓ છો કે નહી ? વેઇટર – સોરી સર, વાત એમ છે કે અમારો રસોઇઓ ભુલક્કડ છે. તે ધ્યાન નથી રાખતો કે શાક કેટલા દિવસનું વાસી છે.

## સંતા

**સંતાઃ** આજે જમવાનું ન બનાવતી આજે બહાર જમવા જઇશું
**પત્નીઃ** કેમ રોજ મારા હાથનું ખાઇ-ખાઇને કંટાળી ગયા છો ?
**સંતાઃ** નહી.. આજે મારો વાસણ ઘસવાનો મૂડ નથી.

## ઇનામ

**બેટાઃ** તને ઇનામ કેવી રીતે મળ્યું?
**પુત્રઃ** વાદ-વિવાદમાં એક કલાક બોલવા માટે
**પિતાઃ** સરસ, પણ વિષય ક્યો હતો ?
**પુત્રઃ** ઓછું બોલવાથી થતા ફાયદા

# ધી ઓપન પેજ દ્વારા સાચા અર્થમાં સ્પેશિયલ બનાવેલ 'બાળ દિવસ'



બાળકોને ફક્ત શબ્દોમાં બાળદિન ઉજવણીને સંબોધી દેવુ એ 'ધી ઓપન પેજ' નો બાળદિન ઉજવવાનો અંદાજ નથી. અમે ખરી રીતે 'યંગ રીપોર્ટસ ક્લબ' ના વિદ્યાર્થીઓ માટે આ દિવસ સ્પેશિયલ બનાવવાનો પ્રયાસ કર્યો. 'યંગ રીપોર્ટસ ક્લબ'ના ઉદ્‌ઘાટનના દિવસે એટલે કે ૨૦ ઓક્ટોબર ના દિવસે જ જાહેરાત કરવામા આવી હતી. કે જે શાળાઓ 'ધી ઓપન પેજ' સાથે 'YRC' દ્વારા જોડાયેલી છે. તેમના વિદ્યાથીઓને એક અનેરી તક આપવામાં આવશે કે તેઓ બાળ દિન પર ટી.વી. પર આવી શકે અને પોતાની પ્રતિભાઓ બતાવી શકે 'YRC' ના ઉદ્‌ઘાટન ઉપસ્થિત શ્રી પદ્‌મકાન્ત ત્રિવેદી જેઓ GTPL ના નિર્માણ ચેનલના હેડ છે. તેમણે પોતાની તાલીમ પૂરી પાડતા સમયે જ બાળકોને આ તક આપવાની જાહેરાત કરી દીધી હતી.

બાળદિન કાર્યક્રમ પહેલા જે વિદ્યાર્થીઓને આ અનેરી તક મળવાની હતી તેઓને GTPL ના સ્ટુડિઓ પર બોલાવી તાલીમ પણ આપવામા આવી હતી. વિદ્યાર્થીઓ માંથી કેમેરાનો ડર દૂર કરવા તેમજ ખરેખર ટી.વી. પર દેખાવા પાછળ કેટલી 'ટેક્‌નીકલ' વિશેષતાઓની જરૂર પડે છે. તેની સમજણ આપવામા આવી હતી. અને અંતે મહત્વના દિવસ એટલે કે 'બાળ દિન' ના દિવસે વિદ્યાર્થીઓ પોતાના તમામ કાર્યક્રમમા વરિષ્ઠ રીપોર્ટસ સાથે બેઠા અને કાર્ય પાર પાડ્યુ. GTPL અને નિર્માણ ચેનલના આ કાર્યક્રમે તેમને પોતાના કેમેરા સામે બોલવાના ડરને દૂર કરતા શીખવ્યુ. તેઓ પોતાના મૌલિક વિચારો રજૂ કરવા માટે મુક્ત હતા. વર્તમાન મુદ્દાઓ, શૈક્ષણિક બાબતો તેમજ પોતાના ભવિષ્ય જેવી ઘણી વાતો તેઓ એ ખુલ્લા મને ટી.વી. પર કરી. કારણકે તેઓ જાણતા હતા કે લોકો સાંભળશે. સમાચાર પણ ઘણા વિદ્યાર્થીઓ દ્વારા વંચાવડાવવામાં આવ્યા હતા.

ઓપન પેજનું 'યંગ રીપોર્ટસ ક્લબ' વિદ્યાર્થીઓને અન્વેષણ કરવાનુ તેમજ પ્રયોગો કરવાનુ માધ્યમ પુરૂ પાડે છે. બાળકો શાળાઓમા ફક્ત પુસ્તકિયા જ્ઞાન મેળવીને ઉંચા માર્કસ મેળવવા માટે જ નથી. પરંતુ તેઓ પોતાની વિચાર શક્તિ વિકસાવી શકે અને એક એવા મનુષ્ય બની શકે જે તેઓ દિલથી ઇચ્છે છે. 'ધી ઓપન પેજ' એક એવુ માધ્યમ છે. જ્યા તેઓ સવાલ કરી શકે છે, પોતાના મંતવ્યો વ્યક્ત કરી શકે છે. અને સૌથી વધુ મહત્વનુ છે કે તેઓ પોતાના મૌલિક વિચારો વ્યક્ત કરી શકે છે.

ભવિષ્યમા અમે આવા ઘણા જ કાર્યક્રમો સાથે આવીશુ જે બાળકોમા વાંચવાની તેમજ લખવાની કળાને નિખારી શકે. તેઓ શોધવાનુ શરૂ કરશે. અન્વેષણ કરવાનુ શરૂ કરશે. અને સાથો – સાથ પ્રયોગો કરવાનુ શરૂ કરશે. 'ધી ઓપન પેજ' સતત પ્રયાસો દ્વારા આજની પેઢીમા એક નવુ જ વાંચન અને લેખન કલ્ચર વિકસાવવા કાર્યશીલ છે. જે આજના ટેક્‌નોલોજીના સમયમા ખોવાતુ જાય છે. અને તેઓને મૌલિક વિચારો રાખવા પ્રોત્સાહિત કરશે.

**મિનલ જોષી**
**'ધી ઓપન પેજ'**

## 'યંગ રીપોર્ટસ ક્લબ'ની પ્રવૃત્તિમાં ભાગ લીધેલ શાળાઓ

એલ.એમ.એલ સ્કુલ, ઓગણજ, ગોતા

અર્જુન ઇંગ્લિશ સ્કુલ, સાબરમતી

ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કુલ (કેમ્બ્રીજ સેક્શન), ઘાટલોડીયા

એસ.જી. હાઇસ્કુલ, ગાંધીનગર

માઉન્ટ કાર્મલ હાઇસ્કુલ, આશ્રમરોડ

ત્રિપદા હાઇસ્કુલ, ઘાટલોડીયા

કોસમોસ કેસલ ઇન્ટરનેશનલ સ્કુલ, એસ.જી. હાઇવે

ગ્લોબલ એસ.એસ.વી., રામોલ





સૌ પ્રથમ તો આ લેખ લખી રહેલી વિદ્યાર્થીની હૃદયના ઉંડાણથી. જે તક તેને મળી છે તેના માટે આભારી છે. એક યાદગાર અનુભવ, એક એવી યાદ જેને હુ જીવનભર યાદ કરીશ અને ખુશ થઇશ. અને તેનાથી પણ વિશેષ જે ગર્વ મારા માતા-પિતાએ અનુભવ્યુ તે અવર્ણીય છે. ત્યાં ઉપસ્થિત તમામ બાળકોએ પોતાના જ્ઞાનના ખજાનામાં ઘણુ બધુ ઉમેર્યુ. સમાચાર કેવી રીતે વંચાય છે. પોતાની જાતને કઇ રીતે લોકો સામે પ્રદર્શિત કરાય, આવી ઘણી વાતો અમને ત્યાના ખૂબજ નામચીન "રીપોર્ટસ" પાસેથી શીખવા મળી. આ બધી જ તક અને શીખ અમને અમારા એટલે કે બાળકોના ખાસ એવા 'બાળદિન' પર મળી. પ્રોત્સાહન મને એ વાતનુ પણ મળ્યુ છે કે જે બાળકોએ અમને GTPLઅને નિર્માણ ટી.વી. પર જોયા હશે તેઓને પણ આ રીતે ટી.વી. પર આવવા માટે અમે પ્રોસાહિત કર્યા. હૃદયના ઉંડાણમાંથી હું 'ધી ઓપન પેજ' ના 'યંગ રીપોર્ટસ ક્લબ'ને તેમજ મિનલ મેડમને અમારા સુધી આટલી મોટી તક પહોંચાડવા માટે આભાર માનુ છુ. ગુજરાત ન્યુઝ તેમજ નિમાર્ણ ન્યુઝના રીપોર્ટસને પણ આટલા સહાયક રહેવા માટે આભાર માનુ છુ. ખુબ-ખુબ આભાર તમામને અમારી પ્રતિભાઓને નિખારવા માટે.

**– નંદિની હિરાની**
**(યંગ રીપોર્ટર), માઉન્ટ કોર્મેલ સ્કૂલ**




૧૪ નવેમ્બર ના દિવસે મને અને મારા મિત્રો કે જેવો 'ધી ઓપન પેજ' ના 'યંગ રીપોર્ટસ ક્લબ' ના સભ્યો છીએ. તેમને અનેરી તક મળી હતી. 'ગુજરાત ન્યુઝ' નુ પ્રસારણ સાંભળવાની ટી.વી. પર આવવુ અને તે પણ 'લાઇવ' એ એક અનેરો જ અનુભવ હતો. મારા માટે જે ઘણો જ સારો હતો. મને જાણવા મળ્યુ કે ખરેખર પડદાની પાછળની વાર્તા હોય છે શુ? કઇ રીતે ન્યુઝ પ્રસારીત થાય છે. તેની પાછળની કામ કરતી ટીમ, આવડત તેમજ તમામ વસ્તુઓનુ સાથે આવવુ કઇ રીતે એ સમાચાર બનાવે છે જે આપણે રોજ-બરોજ ટી.વી. પર જોતા હોઇએ છીએ. 'પત્રકારત્વ' એક નવુ જ ક્ષેત્ર છે. મારા માટે અને તે દિવસે મને તેને ઘણુ નજીકથી જાણવા મળ્યુ. નર્વસનેસ તેમજ ઉત્સાહ આ બંને લાગણીઓ એક સાથે મેં તે દિવસે અનુભવી. પત્રકારત્વની તે લાગણીઓ મેં જોઇ અને સમજ આવી કે તેનુ ઉંડાણ ઘણુ કઠીન છે. એકંદરે તે એક ઘણો જ નવો પરંતુ એકસાઇટીંગ અનુભવ હતો. 'બાળ દિન' ના દિવસ પર 'બાળ એન્કર' બનવુ તે ઘણુ સપેશીય ફીલ કરાવે તેવુ હતુ.

**— ઋત્વિક ભાવસાર**
**(યંગ રીપોર્ટર), ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કૂલ, (કેમ્બ્રીજ સેક્શન)**




## વધુ એક પગલુ પત્રકારત્વ તરફ

'યંગ રીપોર્ટસ ક્લબ' સાથે જોડાવવુ એ મારા માટે ઘણુ જ ફાયદાકારક નીવડ્યું છે. મને મારી જીંદગીમા બીજીવાર ટી.વી. પર આવવાનો મોકો મળ્યો. પત્રકાર બનવુ અને તે અનુભવનો લાહવો લેવો તે મારા માટે એક સ્વપ્ન જેવુ હતુ. પરંતુ એ ખ્યાલ નહોતો કે તે સ્વપ્નુ આટલુ જલ્દી પૂર્ણ થશે. 'ધી ઓપન પેજ' દ્વારા બાળકોને આટલી મહત્વની જગ્યા આપવી કે તેઓ ટી.વી. ના કાર્યક્રમોનો ભાગ બની શકે અને કાર્ય કરવાની રીત જોઇ શકે તે પણ આટલી કોમળ વયે તે ખૂબ જ અલગ અનુભવ હતો. તેનાથી આત્મ વિશ્વાસ અને લોકો સામે બોલવાની કળા પણ વીકસી.

Journalism will kill you, but it will keep You alive while house at it"

મેં ત્રણ કાર્યક્રમો શુટ કર્યા. ૧૪ નવેમ્બરના રોજ 'ગુજરાત ન્યુઝ' GTPL અને નિર્માણ બાળ દિને જે વિદ્યાર્થીઓને તક આપે છે તેનો આટલી વયે ભાગ બનીને મને ઘણુ ગર્વ થયું.

મારા પ્રથમ ૨ કાર્યક્રમો લાઇવ હતા. પ્રથમ ઉર્વી મેડમ સાથે સમાચાર વાંચવાનો હતો. જ્યારે બીજો ધ્વની મેડમ સાથે 'કરંટ ટોપીક' નો હતો જેમા 'બાળ દિન' વિશે વાતો કરવાની હતી. ત્રીજો કાર્યક્રમ ભારતમા વર્તમાન સમયે બાળકોની પરિસ્થિતિ પર આધારિત હતો. શિક્ષણ, ગરીબી, બાળ મજૂરી, બેરોજગારી, પુરૂષપ્રધાન દેશમા સ્ત્રીઓનુ સ્થાન વગેરે જેવા વિષયો પર ગહન ચર્ચાઓ કરી હતી. "એક છોકરી તરીકે રહેવુ અને માતા-પિતાનો આટલો સાથ મળવો એના માટે હું ઘણી જ આભારી છુ, મેં તે કાર્યક્રમમા જે છોકરીઓને પોતાના મૂળભૂત હકોથી વંચિત રખાય છે. કારણકે તેઓ સ્ત્રીઓ છે. તેના પર મારા સ્ટ્રોંગ વિચારો રજૂ કર્યા હતા. જાતિના આધારે કોઇને તેમના વિચારો અને આઝાદી ન રાખવા દેવી તે ઘણુ જ ખોટુ છે. છોકરીઓ પર લગાવવામા આવતી રોક-ટોક અને તેમને ભણતર જેવા અધિકારોથી પણ વંચિત રાખતા લોકો સામે મેં રોષ જતાવ્યો હતો." આ તમામ મારી વાતો હતી તે કાર્યક્રમ દરમ્યાન.

GTPL ના તમામ કર્મચારીઓ તેમજ 'ઓપન પેજ' ની ટીમ એટલી સહાયક હતી કે જેમના લીધે 'બાળ દિન' મારા માટે યાદગાર રહેશે જેમ 'ચાચા નહેરૂ' નો પ્રેમ હંમેશા માટે બાળકોના મનમા છે.

**— એકતા ગનવાની**
**(યંગ રીપોર્ટર),એલ. એમ.એલ.સ્કૂલ**




૧૪ નવેમ્બર ના દિવસે આતુરતા અને નર્વસનેસ આ બંને અનુભવોને એક સાથે અનુભવ્યા અને જ્યારે હું 'ગુજરાત ન્યુઝ' ચેનલની આફિસ પર પહોંચી ત્યારે વધુ નર્વસ થઇ ગઇ. એ જાણીને કે મારે સમાચાર વાંચવાના છે. તે પણ લાઇવ. યુગ્ના સર મારી સાથે કો એન્કર હતા. અને જ્યારે તેઓ મને કાર્યક્રમ વિશે સમજાવી રહ્યા હતા. મને નર્વસ જોઇ અને કહેવા લાગ્યા ડરવાની કોઇ વાત નથી. આજે બાળ દિવસ છે. એટલે કે તમારો દિવસ અને આજના દિવસે થયેલી તમામ ભૂલોની અવગણના થશે. આ સાંભળતા જ મારો આત્મ વિશ્વાસ વધી ગયો અને હું સમાચાર વાંચવા માટે તૈયાર થઇ ગઇ. જેમ મારો સમાચાર નો કાર્યક્રમ પૂર્ણ થયો, પાર્થ સર આવ્યા અને કહેવા લાગ્યા કે 'ટોક શો' માટે હું તૈયાર થઉં. જ્યારે હુ તેના માટે તૈયાર થઇ રહી હતી એક મેડમે આવી ને પાર્થ સરને કહ્યુ કે આ વિદ્યાર્થીની ફક્ત ૮માં ધોરણમાં છે. તારે પૂર્વ તૈયારી વગર તેની સાથે ન બેસવુ જોઇએ. પરંતુ પાર્થ સરે મારામાં વિશ્વાસ બતાવતા કહ્યુ કે મને પૂર્ણ ભરોસો છે કે તે કરી લેશે. તેમને સાંભળતા જ મારો જુસ્સો વધી ગયો અને મેં મનમા નિર્ધાર કર્યો કે હું તેમનો ભરોસો તૂટવા નહી દઉં. 'લાઇવ ટોક શો' નો મારો અનુભવ ઘણો જ સારો રહ્યો અને હું તેમના ભરોસા પર ખરી ઉતરી શકી તેનો મને ગર્વ છે. પાર્થ સરે અને યગ્ના સરે મને મારા ડર સામે જીતવામા ઘણી મદદ કરી. હુ તેઓની તેમજ 'ધી ઓપન પેજ'ની અને 'ગુજરાત ન્યુઝ'ની ઘણી આભારી રહીશ મને આ અનેરો અનુભવ કરાવવા

**— હેલી પરમાર**
**(યંગ રીપોર્ટર), એસ.જી. હાઇસ્કૂલ**



૧૪ નવેમ્બર ના રોજ 'યંગ રિપોર્ટર્સ ક્લબ' ના સભ્યોને ઇલેક્ટ્રોનીક મીડિયાનું અન્વેષણ કરવાની એક અનેરી તક મળી હતી. વાત કરવાની કળા, હાજર જવાબીની ક્ષમતા, તેમજ પોતાને દુનિયા સામે પ્રદર્શિત કરવાની આ એક આગવી પહેલ હતી. 'ધી ઓપન પેજ' દ્વારા ગુજરાત ન્યુઝ તેમજ નિર્માણ ન્યુઝ પર અમે આ તમામ તકો મેળવી શક્યા તે માટે હું ઘણી જ આભારી છું. મને ગર્વ છે કે મને તેઓના 'ટોક શો' 'જનતાનો અવાજ'માં ભાગ લેવાનો મોકો મળ્યો કે જેમાં તાજેતરમાં બનેલ 'બ્લેક મની'ના મુદ્દા પર ન્યુઝ એન્કર અને સામાન્ય માણસો વચ્ચે ચર્ચા ચાલી રહી હતી. એકંદરે ઇલેક્ટ્રોનીક મીડિયાનું કાર્ય અને વાતચીત કરવાની કળાને કઈ રીતે સુધારી શકાય તે જાણવાનો અનુભવ ઘણો સારોજ નીવડ્યો

**— રાધિકા મહેતા, (યંગ રીપોર્ટર), ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કૂલ, (કેમ્બ્રીજ સેક્શન)**



૧૪ નવેમ્બરના રોજ 'ગુજરાત ન્યુઝ ચેનલ' ઉર્જા, ઉલ્લાસ તેમજ પ્રતિભાઓથી ઉમટી પડ્યુ હતુ. કારણકે, 'યંગ રીપોર્ટસ ક્લબ' ના વિદ્યાર્થીઓને તે દિવસ પૂરતા તમામ કાર્યક્રમો ને યોજવા માટે બોલાવવામા આવ્યા હતા. ૧૨ નવેમ્બરના રોજ તમામ બાળકોને 'ગુજરાત ન્યુઝ'ના રીપોર્ટસ અને કર્મચારીઓ દ્વા રા તાલીમ આપવામા આવી હતી કે ઇન્ટરવ્યુ કઇ રીતે લેવાય છે. સમાચાર કઇ રીતે વંચાય છે તેમજ સમાચાર કઇ રીતે બનાવાય છે. વિદ્યાર્થીઓ જેઓ આ કાર્યક્રમમા ભાગ લેવાના હતા તેઓ વિશાળ મેદની સામે પોતાની પ્રતિભાઓ અને વિચારો વ્યક્ત કરવા ખૂબજ તત્પર હતા. ત્યા ઉપસ્થિત વિદ્યાર્થીઓ પોતાના વિચારો ખુલ્લા મને રજૂ કરવા ફ્રી હતા. અને તેમણે વિવિધ કાર્યક્રમોમા સવાલ - જવાબ પણ કર્યા. 'ધી ઓપન પેજ'ના આ પ્રયાસ દ્વારા વિદ્યાર્થીઓને મીડીયા કઇ રીતે કાર્યો કરે છે તેમજ ટી.વી.ની પાછળના પડદામાં શુ હોય છે તે જાણવા મળ્યુ. શ્રી પદ્‌મકાન્ત ત્રિવેદીજી, ધી ઓપન પેજની ટીમ તેમજ ઘણો જ સહાયક એવો ગુજરાત ન્યુઝ અને નિર્માણ ચેનલનો સ્ટાફ આ કાર્યક્રમની સફળતા માટે જવાબદાર છે.

**— આરથી જોની**
**(યંગ રીપોર્ટર), માઉન્ટ કોમર્સ સ્કૂલ**

# કિસાન દિવસનુ મહત્વ

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. જ્યા ખેતીને એક વ્યવસાય તરીકે જોવામા ન આવતા જીવનના એક ભાગ તરીકે જોવામા આવે છે. દેશની વસ્તીનો મોટો સમુદાય એટલે કે ૭૦% કૃષિ ક્ષેત્રે રોકાયેલો છે. અને રાષ્ટ્રીય આવકનો ૨૬% હિસ્સો કૃષિમાંથી પ્રાપ્ત થાય છે. માટે કૃષિ મહત્વનુ સંસાધન છે. અને તેનાથી અનેકગણુ મહત્વ આપણા દેશમા કિશાનોનુ છે. ભારતમા કૃષિ માટે અનેક અનુકુળ સંજોગો છે. જેમા ખેતી લાયક વિશાળ ફળદ્રુપ મેદાનો. બારેમાસ  પાક લઇ શકાય તેવી આબોહવા. કુશળ અને મહેનતુ ખેડૂત છે. આઝાદી પછી કૃષિક્ષેત્રે ભારતમા ઘણા ટેકનિકલ સુધારા આવેલા છે. અને તેના પરિણામે કૃષિ આધુનિક બની રહી છે. ભારતમા ખેતીકીય સાધનોમા યંત્રીકરણ  થયુ છે. જેને કારણે કિસાન સદ્ધર બન્યો છે. અને ભારત દેશ આગળ વધ્યો છે.

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહ  જે કિસાન હતા. અને કિસાનોની ધડકન કહેવામા આવતા. તેમના જન્મ દિવસ ૨૩ ડિસેમ્બરને કિસાન દિવસના રૂપથી મનાવવામા આવે છે. ચૌધરી ચરણસિંહ કિસાનોના નેતા હતા. તેમણે પોતાના જીવનના બધા કાર્યોમા કિસાનોને મહત્વ આપ્યુ હતુ. તેમની અર્થવ્યવસ્થામા કિસાન સર્વોપરી હતી. તેમણે સ્પષ્ટ કરી દીધુ હતુ કે કિસાન જ દેશની ધરા અને ધરાને મજબુતી આપતી સરકારનો અહમ કર્તવ્ય છે. શવિદ એટલે જ તેમને જવાહરલાલ નહેરૂની આર્થિક નીતિમા વિશ્વાસ કમ હતો. તેનાથી તેમના વચ્ચે હંમેશા મતભેદની સ્થિતિ રહેતી હતી. આજ કારણથી તેમણે ૧૯૬૭મા પોતાની એક નવી પાર્ટીનું ગઠન કર્યુ જેનો ચુનાવ ચિન્હ તેમણે ‘હલધર’ નક્કી કર્યો.



**સેદુઓ રૈના આર.**
ધોરણ : ૧૦

વર્ષ ૨૦૦૧મા ભારતીય સરકાર દ્વારા કિસાન દિવસની ઘોષણા કરવામા આવી જેમના માટે ચૌધરી ચરણસિંહ જ્યંતીથી સાથે સારો ન હતો. તેથી અતઃ તેમના કાર્યોને ધ્યાનમા રાખીને ૨૩ ડિસેમ્બરને ભારતીય કિસાન દિવસની ઘોષણા કરવામા આવી. ત્યારથી પ્રતિ વર્ષ ૨૩ ડિસેમ્બર કિસાન દિવસના રૂપમા મનાવવામા આવે છે.



બધાજ મહત્વપૂર્ણ દિવસ આપણુ તે ધ્યાન લઇ જવા માટે બનાવવામા આવે છે. દેશના યુવા તેમજ મહાનગર નિવાસી પોતાની નિજી જિંદગીમા એટલા વ્યસ્ત હતા કે તેમને દેશની સ્થિતિનો પણ ખ્યાલ ન હતો. તે આ વાત સમજી જ નથી રહ્યા કે દેશ ક્યા પ્રકારની કૃષિ પર નિર્ભર રાખે છે ? કેવી રીતે કિસાનની જીંદગી તેમના માટે મહત્વપૂર્ણ છે ? આ બધી વાતોને સમજવા તેમજ તેના પર વિચાર કરવા માટે આજના યુવા પાસે સમય જ નથી એવામા કિસાન દિવસ તેમને આ વિચારવા માટે મજબૂર કરે છે. અને કદાચ આ એક દિવસને કારણે દેશનુ ધ્યાન કિસાન તરફ આવે.



ભારતીય નૌસેનાની  શરૂઆત તો ૫ ડિસેમ્બર ૧૬૧૨મા થઇ હતી. જ્યારે ઇસ્ટઇંડિયા કંપનીના યુદ્ધપોતો નો પહેલો બેડો સુરત બંદરે પહોંચ્યો હતો. અને ૧૯૩૪મા ‘રોયલ ઇંડિયન નેવી’ ની સ્થાપના થઇ હતી. પણ દર વર્ષે ૪ ડિસેમ્બરે ભારતીય નૌસેના દિવસ મનાવવાનુ કારણ તેના ગૌરવમયી ઇતિહાસ સાથે જોડાયેલુ છે.



**ગર પદ્યુમન પી.**
ધોરણ : ૧૦

ભારતીય નૌસેના દિવસનો ઇતિહાસ ૧૯૭૧ના ઐતિહાસિક ભારત પાકિસ્તાન યુદ્ધ સાથે જોડાયેલો છે. જેમા ભારતે પાકિસ્તાન ઉપર ફક્ત વિજય જ હાસલ નહોતી કરી. પરંતુ પૂર્વ પાકિસ્તાન ને આઝાદ કરાવી ને સ્વતંત્ર રાષ્ટ્ર ‘બાંગ્લાદેશ’ નો દર્જો અપાવ્યો હતો. ભારતીય નૌસેના તેના આ ગૌરવમયી ઇતિહાસની યાદમા પ્રત્યેક વર્ષે ૪ ડિસેમ્બર નૌસેના દિવસ મનાવે છે.  ૨૬, જાન્યુઆરી ૧૯૫૦ના રોજ જ્યારે ભારત ગણતંત્ર બન્યુ ત્યારે  દિવસે ભારતીય નૌસેના` પોતાના નામ આગળથી ‘રોયલ’ શબ્દ નો ત્યાગ કર્યો. તે સમયે ભારતીય નૌસેનામાં ૩૨ નો પરિવહન યોન અને લગભગ ૧૧,૦૦૦ અધિકારી અને નૌસેનિક હતા. ભારતીય નૌસેનામા ત્રણ ક્ષેત્રોની કમાન પશ્ચિમમા મુંબઇ, પૂર્વમા વિશાખા પટ્ટનમ અને દક્ષિણમા કોરીયા મા તૈનાત કરી છે.

જીંગ એ આઝાદીથી લઇને મુંબઇમા ઓપરેશન તાજ સુધી ભારતીય નૌસેનાનો ઇતિહાસ બહાદુરીના કારનામોથી ભરેલો પડ્યો છે.૪,ડિસેમ્બર ૧૯૭૧મા ઓપરેશન ટ્રાઇડેંટના  શરૂ કર્યુ. અભિયાનમા કામયાબી પ્રાપ્ત કરી હતી. આ બધા અભિયાનોમા તેના યુદ્ધપેતો મહત્વની ભૂમિકા નિભાવે છે. જેમા INS વિક્રાંત, INS વિક્રમાદિત્ય વગેરે જેવા વિશાળ યુદ્ધપોતો દરેક અભિયાનને સફળ બનાવે છે. ભારતીય  નૌસેનામા  પેટ્રોલથી ચાલતા જહાજ, સબમરીન, વિધ્વંશક યુદ્ધપોત, ફ્રિગ્રેડ જહાજ, કર્વિટ જહાજ, પ્રશિક્ષણપોત, મહાસાગરીય તેમજ તરીય સુરંગ માર્જક પોત (માઇનસ્વીપર) અને બીજા ઘણા પ્રકારના પોત છે. હાલમા ૭૯૦૨૩ સૈનિકો નૌસેનાનો હિસ્સો છે. ૨૯૫ જહાજો અને ૨૫૧ એરકાફ્ટ ભારતીય નૌસેનાનો હિસ્સો છે. ભારતીય નૌસેનાનુ સુત્ર   છે. જેનો અર્થ થાય છે કે.. “પાણીના દેવતા વરૂણ અમારા માટે કલ્યાણકારી નીવડે.”જય હિંદ

# માનવ ધર્મ શ્રેષ્ઠ ધર્મ

માનવતાથી મોટો કોઇ ધર્મ નથી.

માનવી ની એક્તા અને માનવતા એ માનવ ધર્મ છે. અનેક યોનિમા જન્મ લીધા પછી માનવનો જન્મ મળે છે. માનવ જન્મ બધી જ યોનિયોમા સર્વશ્રેષ્ઠ ગણાય છે. માનવ ધર્મમા માનવથી પ્રેમ કરવાનુ શીખવાય છે આપણે બધા જીવવાવાળા માનવો પરમાત્માનુ અંગ છે.  માનવતા ધર્મ શીખવવા માટે માનવીની વચ્ચે એક્તા લાવવા માટે ભારત દેશ દ્વારા દર વર્ષે ૧૦ ડિસેમ્બરના રોજ માનવતા દિવસ ઉજવવામા આવે છે.



**ગોહેલ દેવ્યાની જે**
ધોરણ : ૧૦

માનવ હક દિવસ સમગ્ર વિશ્વમા દર વર્ષે ૧૦મી ડિસેમ્બરે ઉજવાય છે. આ દિવસની પસંદગી યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા ૧૦ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ કરવામા આવી હતી.

આ દિવસે ઉચ્ચકક્ષાની રાજકીય મીટીંગ અને કોન્ફરન્સીઝ, સાંસ્કૃતિ પ્રવૃતિઓ તથા માનવ હકોના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામા આવે છે. વધારામા ૧૦મી ડિસેમ્બરના રોજ પારંપારિક રીતે માનવ હકોના ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બજાવનાર વ્યક્તિ કે સંસ્થાઓને  પંચવર્ષીય યુનાઇટેડ નેશન્સ પ્રાઇઝ આપવામા આવે છે. ઘણી બધી સરકારી અને બીન સરકારી આ ક્ષેત્રે વર્ષોથી સક્રિય છે. જે આ દિવસને ઉજવવા ખાસ પ્રકારની પ્રવૃતિઓની યાદી તૈયાર કરે છે.
છેલ્લા પાંચ વર્ષોની આ દિવસની ઉજવણીની થીમ જોઇએ.

(૧) ૨૦૧૫ : આપણા હકો આપણી સ્વતંત્રતા હંમેશા
(૨) ૨૦૧૪ : દરેક દિન માનવ હક દિન
(૩) ૨૦૧૩ : તમારા હકો માટે ૨૦ વર્ષની કામગીરીની ઉજવણી
(૪) ૨૦૧૨ : અંર્તભાવ અને હકોનો જાહેર જીવનમા સમાવેશ
(૫) ૨૦૧૧ : સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીનુ મહત્વ : માનવ હક સંકક્ષકોની સહા. માટે

માનવને ન્યાય મળી રહે તે માટે ભારતમા મુખ્ય છ માનવ હકો આપવામા આવ્યા છે.

(૧) સમાનતાનો હક
(૨) સ્વતંત્રતાનો હક
(૩) શોષણ વિરોધી  હક
(૪) ધાર્મિક સ્વતંત્રતાનો હક
(૫) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક
(૬) બંધારણીય ઇલાજોનો હક




# જન્મ તારીખ કહી આપો

કોઇપણ વ્યક્તિની જન્મ તારીખ અને મહિનો કહી આપો.
બાળકો, કેવી મઝા આવે આ જાણવામાં ?
ચાલો જાઇએ...

કોઇને કહો કે તે તેના
(૧)જન્મના મહિનાને બે વડે ગુણો
(૨)હવે મળેલી સંખ્યામાં પાંચ ઉમેરો
(૩)હવે મળેલી સંખ્યાને પાંચ વડે ગુણો
અને મળેલી સંખ્યાની પાછળ છેલ્લે શૂન્ય મૂકો. તેમાં તમારી જન્મ તારીખ ઉમેરો.
જે સંખ્યા મળે તે તમને કહે અને તમે તેમની જન્મ તારીખ અને મહિનો કહી શકશો..
કઇ રીતે ????
ચાલો જોઇએ

- ધારો કે મારી જન્મ તારીખ ૧૫ મી સપ્ટેમ્બર છે.
- તો હુ સપ્ટેમ્બર માસ એટલે ૯ મો મહિનો... તેને બે વડે ગુણીશ... ૯ x ૨ = ૧૮
- હવે તેમા પાંચ ઉમેરીશ એટલે... ૧૮+૫=૨૩
- હવે તેને પાંચ વડે ગુણીશ એટલે... ૨૩ x ૫ = ૧૧૫
- અને છેલ્લે શૂન્ય મુકીશ એટલે... ૧૧૫૦
- તેમા હુ મારી જન્મ તારીખ ૧૫ ઉમેરીશ. એટલે.. ૧૧૫૦ + ૧૫ =૧૧૬૫ બરાબરને?
- હુ તમને ૧૧૬૫ સંખ્યા કહુ એટલે તમારે શુ કરવાનુ?
- તેમાથી ૫૦ બાદ કરવાના એટલે ૧૧૬૫-૫૦ =૧૧૧૫.. =૧૧૧૫ આવશે. છેલ્લા બે આંકડા (૧૫) મારી જન્મ તારીખ છે.
- હવે બાકી રહેલી સંખ્યા (૧૧) માંથી બે બાદ કરો. એટલે ૧૧-૨ =૯ તે મારો જન્મ મહિનો છે. (નવમો મહિનો એટલે સપ્ટેમ્બર)
- મારી જન્મ તારીખ ૧૫મી સપ્ટેમ્બર છે...
- મળી ગયો ને જવાબ?

**ચાલો બીજુ ઉદાહરણ જોઇએ.**

- એક વ્યક્તિ કહે છેકે છેલ્લી સંખ્યા ૬૭૪ કહે છે.
- તો આપણે શુ કરીશુ?
- ૬૭૪ માંથી બાદ કરો. ૬૭૪-૫૦=૬૨૪
- છેલ્લા બે આંકડા તેમની જન્મ તારીખ છે.. ૨૪ અને બાકી રહેલી સંખ્યા ૬ માંથી બે બાદ કરો. ૬-૨=૪.. તે તેમનો મહિનો છે.(એપ્રિલ માસ)
- એટલે તમે તરત કહી દેશો કે તમારી જન્મ તારીખ ૨૪મી એપ્રિલ છે..
- તમે પ્રયત્ન કરી જુઓ અને કોઇ પ્રસંગે સગા વહાલા, મિત્રો ભેગા થયા હોય ત્યારે આ રમતનો ઉપયોગ કરીને બધાને નવાઇ પમાડો..

# “બાલ પ્રદર્શન”
## Fact With Fun

રોજિંદા જીવનમાં બનતી સામાન્ય બાબતો પ્રત્યે બાળકો કુતુહલતા ધરાવતા હોય છે. આ ઘટનાઓ પાછળ રહેલ કારણ જાણવાની જિજ્ઞાસા તેઓમાં રહેલી હોય છે. સામાન્ય ઘટના પાછળ વિજ્ઞાન રહેલુ હોય છે. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. આ  જ્ઞાન પોતાની જિજ્ઞાસા સંતોષવાના હેતુ સર, વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુ સર Tripada High School Gujrati medium with higher level English ના ધોરણ ૧ થી ૫ના બાળ વૈજ્ઞાનિક દ્વારા “Fact with Fun” નુ આયોજન ૨૫/૧૦/૧૬ મંગળવારના રોજ કરવામાં આવ્યુ હતુ. જેમા નાના પ્રયોગો દ્વારા વૈજ્ઞાનિક અભિગમ જણાવવાનો પ્રયત્ન કરાયો  હતો.  જેમકે હવા જગ્યા રોકે છે, હલકો પદાર્થ તરે અને ભારે પદાર્થ ડૂબે, બે અરીસાઓ વચ્ચે ચોક્કસ ખૂણો રાખતા મળતા “Fact with Fun” ના માધ્યમ દ્વારા કરાયેલ આ પ્રયાસ વાલીઓ અને બાળકોએ નિહાળી પ્રશંસનીય બનાવ્યો હતો.









ત્રિપદા હાઇસ્કુલ કેમ્પસ દ્વારા ત્રિપદા હાઉસ ફોર કિન્ડરના બાળકોએ દિવાળી વેકેશનમાં કરેલ પ્રોજેક્ટ પ્રવૃત્તિ રૂપેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. દિવાળીમાં આપેલ વિવિધ વિષયોના પ્રોજેક્ટમાં બાળકોએ પોતાની સર્જનાત્મકતા અને નવીનતા દર્શાવી ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાલીઓએ આ પ્રદર્શન નિહાળી બાળકો અને શિક્ષકોએ કરેલ પ્રયત્નોને બિરદાવ્યા હતા. બાળકોએ અને વાલીઓએ આ પ્રવૃત્તિઓને બોજ તરીકે નહીં પણ એક “Smart Work” તરીકે લઈ પોતાની મૌલિક્તા દર્શાવી હતી. શાળાના આ પ્રયાસથી બાળકોમાં આત્મવિશ્વાસ, જીજ્ઞાસાવૃત્તિ, સર્જનાત્મક ક્ષમતા વધી છે તે માટે વાલીઓએ અભિનંદન દર્શાવતા આભાર વ્યક્ત કરતા પ્રતિભાવો આપ્યા હતાં.

આપણે જેવું વિચારીએ એવું બની જતા હોઇએ છીએ. -**ભગવાન ગૌતમ બુદ્ધ**

# વિશ્વના વિજ્ઞાની રેલવેના પિતામહ જ્યોર્જ સ્ટીફન્સન



સરળ અને સલામત યાત્રા પ્રવાસ માટે રેલ્વે ઉત્તમ માધ્યમ છે અને લોકપ્રિય પણ છે. આજે આધુનિક ટેકનોલોજીથી સજ્જ હાઈસ્પીડ ટ્રેનો ઉપલબ્ધ છે. આજે ઈલેકટ્રીક અને ડિઝલ વડે ચાલતા એન્જિનો વડે રેલ્વે ચાલે છે. પરંતુ પ્રારંભકાળમાં રેલ્વે સ્ટીમ એન્જિન વડે ચાલતી. સ્ટીમ એન્જિનની શોધ જૂની છે પરંતુ તેના વડે પાટા પર ગાડી દોડાવવાની શરૂઆત જ્યોર્જ સ્ટીફન્સને કરેલી. રેલ્વે ઉદ્યોગનો તે પિતામહ ગણાય છે.

જ્યોર્જ સ્ટીફન્સનનો જન્મ ઈ.સ. ૧૭૮૧ના જુનની ૯ તારીખે ન્યુકેસલ નજીક વિલામ ગામે થયો હતો. તેના માતા પિતા નિરક્ષર હતા. તેના પિતા સ્થાનિક ફેકટરીમા ફાયરમેનનુ કામ કરતા હતા. ગરીબ પરિવારમા જન્મેલ સ્ટીફન્સનને ભણવા માટે પૈસા નહોતા. ૧૭ વર્ષની ઉંમરે સ્ટીફન્સને એન્જિનમેન તરીકે નોકરી સ્વીકારી. સ્ટીફન્સને ભણવુ ગમતુ. પોતાના પગારમાથી પૈસા ચૂકવી તે રાત્રીશાળામાં દાખલ થયો. ૧૮ વર્ષની ઉંમરે તેણે ભણવાનુ ચાલુ કર્યું. ઘડિયાળ રીપેરીંગ જેવા કામ કરીને તે વધારાના પૈસા કમાઈ લેતો. એક જાણીતી ફેકટરીના પંપિગ એન્જિનનુ સફળ સમારકામ કર્યા પછી તેને બઢતી મળી અને સ્ટીમ એન્જિન દ્વારા ચાલતા મશીનોની દેખરેખ રાખવા નિમણુક મળી.

સ્ટીફન ખાણમા નોકરી કરવા દરમિયાન ડેવીના અભય દીવા જેવો સેફટી લેમ્પ શોધેલો. પરંતુ અશિક્ષિત હોવાથી પોતાની શોધ યોગ્ય જગ્યાએ જાહેર કરી શક્યો નહી. તે જમાનામા રીચાર્ડ ટ્રેવિથિક નામના એન્જિનિયરે ચાર પૈડાવાળી સ્ટીમ વડે ચાલતી ગાડી બનાવી. જો કે તેને સફળતા મળી નહોતી. સ્ટીફન્સને પણ સ્ટીમ એન્જિન વડે ચાલતુ વાહન બનાવ્યુ. તેને લોકોમોટિવ નામ આપ્યુ. સ્ટીફન્સને બનાવેલુ સ્ટીમ એન્જિન ૩૦ ટન કોલસો ભરીને ૬ કિલોમીટરની ઝડપે ચાલતુ.

સ્ટીફન્સને પોતાની શોધ ૧૮૧૬માં પેટન્ટ કરાવી અને લોખંડના પાટા પર ગાડી દોડતી કરી. સ્ટીફન્સન પ્રસિદ્ધ થયો. ઈ.સ. ૧૮૩૦માં તેણે બ્રિટનના લીવરપૂલ અને માંચેસ્ટર વચ્ચે યાત્રા પ્રવાસ માટે વિશ્વની પ્રથમ રેલ્વે લાઈન શરૂ કરી. તેના પાટા ૪ ફૂટ ૮.૫ ઈંચ પહોળા હતા. તેને સ્ટીફન્સન ગેજ કહેવાય છે. અત્યંત ગરીબીમા ઉછરીને વિશ્વને રેલ્વેની ભેટ આપનાર સ્ટીફન્સન વિજ્ઞાન ભણ્યો નહોતો પરંતુ આપસૂઝથી યંત્રવિદ્યાનુ જ્ઞાન મેળવી પરિશ્રમ તકી સિદ્ધિ મેળવી શક્યો હતો.

બ્રિટનમાં મોટા શહેરોમા સ્ટીફન્સનની પ્રતિમાઓ તેમજ સ્મૃતિ સ્થાનો સ્થપાયા છે અને તેને રાજકીય સન્માન અપાયુ છે. ઈ.સ. ૧૮૪૮ના ઓગષ્ટ ની ૧૨ તારીખે તેનુ અવસાન થયુ હતુ.

**"ટૂંકી વાર્તા"**

# "સેવા કરવાનો વારો"

રાયબહાદુર લાલચંદજીની ગણના પંજાબના શ્રેષ્ઠ સમાજ સુધારકોમાં થતી હતી. સમાજને જ્યારે-જ્યારે જરૂર પડતી ત્યારે તેઓ દાન આપવામાં સદા અગ્રગણ્ય રહેતા.

એક વખત રાયબહાદુર લાલચંદજીએ કન્યાશિક્ષણનો પ્રોત્સાહન આપવા ખાસ કન્યા ગુરૂકુળને મોટી ધનરાશિ દાનમાં આપી. તેમની આ સવિશેષ ઉદારતા માટે આભાર માનવા કન્યા ગુરૂકુળના મુખ્ય આચાર્ય અંગત રીતે મળવા તેમના ઘરે ગયા.



રજાના દિવસે સવારે આચાર્યજી જોડે બે-ત્રણ શિક્ષકોને લઇ લાલચંદજીના ઘરે ગયા. ઘણીવાર સુધી દરવાજો ખખડાવવા છતા દરવાજો કોઇએ ખોલ્યો નહી. જરાક ધ્યાનથી જોયુ તો દરવાજો માત્ર અટકાવેલો હતો, આમ ખુલ્લો હતો. અને ત્યાંજ અંદરથી અવાજ આવ્યો કે અંદર ચાલ્યા આવો! આ સાંભળી આચાર્યશ્રી અને શિક્ષકગણ અંદર ગયા. અંદરનુ દ્દશ્ય જોઇ તેઓ બધા હતપ્રભ રહી ગયા.

અંદર કમરામાં એક ખાટલામાં એક વૃદ્ધ વ્યક્તિ સૂતી હતી અને અન્ય વૃદ્ધ વ્યક્તિ તેમના પગ દબાવી રહી હતી અને હતપ્રભ થવાનુ કારણ એ હતુ કે પગ દબાવનાર વ્યક્તિ રાયબહાદુર લાલચંદજી સ્વયં હતા.

પગ દબાવતા-દબાવતા જ લાલચંદજીએ આચાર્યશ્રી અને અન્યોનુ સ્વાગત કર્યુ. બધાએ વિચાર્યુ સ્વયં લાલચંદજી જેમના પગ દબાવી રહ્યા છે તો તે મહાનુભવ કોણ હશે ? જિજ્ઞાસાવત્ આચાર્યશ્રીએ પૂછ્યું, 'આપ જેના પગ દબાવી રહ્યા છો તે મહાનુભવ કોણ છે ? તેમનો પરિચય આપો.'

રાયબહાદુર લાલચંદજીનો જવાબ સાંભળી બધા નવાઇ પામ્યા. લાલચંદજીએ જવાબ આપતા કહ્યું.તે મારો અતિ વિશ્વાસુ સેવક છે. છેલ્લા ચાલીસ વર્ષથી તેણે મારી દિન-રાત સેવા કરી છે. આજે તેની તબિયત સારી નથી. શરીરમાં ખૂબ જ દુખાવો થાય છે. તેથી હવે તેની સેવા કરવાનો વારો મારો છે, એ કરી રહ્યો છું.'

આ સાંભળી બધાના માથા શ્રદ્ધાથી ઝૂકી ગયા.

## જાનવરો વિષે નવુ કંઇક જાણવા જેવું

- બિલાડી એક દિવસમાં લગભગ ૧૮ કલાક સુધી સુઇ શકે છે.
- રણમાં ઉંટ ૬૫ કિલોમીટર સુધી દોડી શકે છે.
- ગાયનુ દૂધ પીને આપણે મોટા થઇએ છીએ, એટલે ગાયને મનુષ્યની માતા કહેવાય છે.
- ન્યુઝીલેન્ડમાં ઘણી સંખ્યામાં પક્ષીઓ આંધળા હોય છે.
- શૂટરમૂર્ગ નામના પક્ષીના ઇંડાને ઉકાળવામાં ૪ કલાકનો સમય લાગે છે.
- હમિંગબર્ડ એક એવુ પ્રાણી છે જે ઉંધુ ઉડી શકે છે.
- 'સેલ ફિશ' સૌથી ઝડપથી તરતી માછલીનુ નામ છે, જે હાઇવે પર ચાલતી કાર કરતા પણ ઝડપથી તરે છે.
- ગાય ઉલટી નથી કરી શકતી.
- એક મચ્છરનુ આયુષ્ય ૧૦૦ વર્ષ કરતા પણ વધારે હોઇ શકે છે.
- પેંગુઇન એકમાત્ર એવું પક્ષી છે જે ક્યારેય ઉડી નથી શકતુ. તે ચાલી શકે છે અને ઉંડા પાણીમાં તરે છે. તેમની ઉંમર લગભગ ૧૫ થી ૨૦ વર્ષ સુધી રહે છે.
- હિપોપોટેમશ દરિયાઇ જીવ છે છતા તે શાકાહારી પ્રાણી છે. તેનુ મુખ્ય ભોજન ઘાસ છે તે દિવસમાં લગભગ ૧૫૦ પાઉન્ડ ઘાસ ખાય છે.
- તોડલુ જે એક પ્રકારનું મચ્છર છે તેનુ લોહી લાલ રંગનુ હોય છે. જ્યારે મોટાભાગના મચ્છરોનુ લોહી સફેદ હોય છે.
- મનુષ્ય સિવાય બીજા નંબરનુ સૌથી બુદ્ધિમાન પ્રાણી Por poise છે.

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૧૨-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________


**સ્કૂલનું નામ:** ____________________


**ધોરણ:** ______________ **મો.નં.:** ______________

**ફોટો**



## આપેલા ચિત્રમાં ૭ તફાવત છે તે શોધો




## યોગ્ય ગણતરી કરી સરવાળો કરો

3 + 1 =

2 + 3 =

5 + 5 =

2 + 7 =


## નવા વર્ષના ચિત્રોને સામે આપેલા સરખા ચિત્રો સાથે લાઈનથી જોડો









## પતંગીયુ દોરતા શીખીએ





## ટપકાં જોડી જુઓ કયું ચિત્ર બને છે?




## યોગ્ય ગણતરી કરો




## ગણતરી કરી યોગ્ય સંખ્યા સાથે જોડો




## બાદબાકી કરો




આપેલા કપડાંને શરીરનાં ક્યા ભાગમાં પહેરાય તેની સાથે જોડો.



## આપેલા આઈસ્ક્રીમમાં જણાવ્યાં મુજબ કલર કરો

- સાતમાં ભાગમાં ગુલાબી કલર પૂરો
- પહેલાં ભાગમાં લીલો કલર પૂરો
- દસમાં ભાગમાં વાદળી કલર પૂરો
- પાંચમાં ભાગમાં પીળો કલર પૂરો
- નવમાં ભાગમાં લાલ કલર પૂરો
- ત્રીજા ભાગમાં આછો વાદળી કલર પૂરો
- ચોથા ભાગમાં ગ્રે(રાખોડી) કલર પૂરો
- આઠમાં ભાગમાં મરૂન કલર પૂરો
- છઠ્ઠા ભાગમાં ઘાટ્ટો લીલો કલર પૂરો
- બીજા ભાગમાં નારંગી કલર પૂરો



## રસ્તો શોધો



# કાળા નાણાં સામેની લડાઇ ભારતે જીતવી જ રહી



**કાળુ નાણું અને સમાજ** ભ્રષ્ટાચાર અને કાળુ નાણું એ આપણા ભારતીય સમાજ માટે મોટો શ્રાપ છે. એણે એટલી હદ સુધી આપણી વિચારધારાને જકડી લીધી છે કે એ આપણો સ્વભાવ બની ગયો છે. એના વગર આપણે આપણા જીવનની કલ્પના પણ નથી કરી શકતા. લાંચ લેવી અને આપવી એ સ્વીકાર્ય ધોરણ બની ગયુ છે. કાળા નાણાંને પ્રદર્શીત કરવુ એ ફેશન છે. આયકર વિભાગના દરોડાથી સમાજમા મોભો વધે છે. જે નોકરીની જગ્યાએ વધારે કાળુ નાણું ભેગુ કરી શકાય એ જગ્યાઓની ખુલ્લેઆમ હરાજી થાય છે. ઈલેકશનમાં થતો કાળા નાણાંનો ઉપયોગ અને પ્રોપર્ટી ખરીદ વેચાણ વખતે થતી કાળા નાણાંની આપ લે ની વાત બધાને જ ખબર છે. નકદ આપ-લે થી ધંધો કરી સરકારને કર નહી આપવાની ધંધાકીય રીત સ્વીકાર્ય બાબત છે. અંદાજે GDPના ૨૫ થી ૪૦% જેટલી સમાંતરી અર્થતંત્ર આપણા દેશમા ચાલે છે. આ ખરેખર આપણા સમાજ અને દેશને માટે કેન્સર જેવી ખૂંખાર બિમારી છે. એનુ નિરાકરણ કરવાની તાત્કાલીક જરૂરત છે. અને જરૂર પડે તો બહુજ ખરાબ અંગને કાપીને ફેંકી દઇને પણ ઈલાજ કરવો જરૂરી છે.

આ લેખ હુ આપણા યુવા વિદ્યાર્થી વાંચકોને ધ્યાનમા રાખીને લખી રહ્યો છુ. હું માનુ છુ કે એમને આ બિમારી ની જાણકારી આપવી એ આપણી ફરજ છે. આપણે જો આજે એનો ઉકેલ નહી લાવીએ તો આ વિદ્યાર્થીઓના ભવિષ્ય ઉપર પ્રશ્નચિન્હ ઉભુ થઇ શકે છે. જેની પાસે કાળુ નાણું નથી એવા પ્રામાણિક ભારતીયને માટે પણ આ લેખ છે. પણ આપણે સાચા દિલથી આપણી જાતને પૂછવુ જોઈએ કે આપણે તો આ કાળા નાણાંને ઉભુ કરવામા કાળા બજારીઓને સાથ તો નથી આપ્યો ને ?

હું એક વાયુસેનાના માજી યોદ્ધા તરીકે માનતો હતો કે ૨૦૧૧મા અન્ના હજારેના આંદોલન પછી કાળા નાણાં અને ભ્રષ્ટાચાર વિરૂદ્ધ જાગૃતતા લોકોમા આવી ગઇ છે. પણ આ બાબતે હુ ખોટો પુરવાર થયો. એ પછી બધાજ પોતાની જીંદગીમા પહેલાની જેમજ વર્તવા લાગ્યા. ટ્રાફીક નિયમનો ભંગ કરતા જો પોલીસ પકડે તો પોલીસને લાંચ આપતા ના અટક્યા. ટ્રેનમા રીઝર્વેશન વગર જતા સીટ માટે ઉપરના પૈસા આપતા બંધ ન થયા. સરકારી નોકર પાસેથી કામ કઢાવવા એને લાંચ આપતા બંધ ન થયા. આપણે આ લોકોને પ્રશ્નો પણ ન પૂછ્યા. લાંચ લેનારને પ્રશ્ન પૂછવા અને ટકોરવા એ આપણી ફરજમા નથી આવતુ. ખરેખર જોઈએ તો ૨૦૧૧ પછી તો મોટા- મોટા કૌભાંડો જેવાકે ૨G Coal-Gate, CWG જેવા લાખો કરોડોના ગોટાળા થયા. એ બધા બહાર આવ્યા.

**કાળુ નાણું કેવી રીતે પેદા થાય છે ?** આ પ્રશ્નનો જવાબ જાણવો એ જરૂરી છે. કોઈપણ કમાઇ કે બચત જે કાયદા વિરૂદ્ધ છે તે કાળુ નાણું છે. જેમકે લાંચ અને રૂશ્વતથી કરેલી કમાણી, ક્રિમીનલ કામથી થયેલી કમાણીએ કાળુ નાણું છે. આવક કે કમાણી જે સરકારને બતાવી નથી અને કાયદા પ્રમાણે એના ઉપર કરવેરો (આવક, સર્વિસ ટેક્સ, વેચાણ વેરો, કેપીટલ ગેઈમ ટેક્સ વગેરે) નથી ભર્યો તો એનાથી થતી કમાણી કે બચત એ કાળુ નાણું છે. આ કાળુ નાણાંમાથી સોનુ, ચાંદી, ઘરેણા, જમીન અને જાયદાદ ખરીદવામાં આવે છે. અમુક લોકો આ કાળુ નાણું પરદેશમા પણ લઇ જાય છે. બાકીનુ નાણું નકદમાંજ રાખે છે. આ નકદ કાળુ નાણું બેંકના અને બીજા લોકરમા, દિવાલમાં, છતમા અને જુદી — જુદી જગ્યાએ સંતાડવામા આવે છે.


**આંતકવાદ અને કાળુ નાણું** આંતકવાદ અને બીજા ગુનોઓ માટે કાળુ નાણું વપરાય છે. પાકિસ્તાન, નકસલવાદી અને બીજા આંતકખોરો બનાવટી નોટો છાપી અનો એ સાચી નોટો સાથે બદલી કરે છે. અને પછી એનો ઉપયોગ દેશમા આંતકવાદ ફેલાવવા માટે કરે છે. ડ્રગ માફીયા આવુ ધન જે નકલી નોટોથી ઉભુ થયુ હોય એનો બહુજ ઉપયોગ કરે છે. બધા મોટા આંતકવાદી હુમલામા આવા ધનનો ઉપયોગ થયો હતો. એવુ તપાસમા બહાર આવ્યુ હતુ.

**કાળુ નાણું ભારત માટે નુકસાનકારક છે.** કાળુ નાણું ભારતને કેવી રીતે નુકસાન કરે છે ? આંતકવાદ, ડ્રગ્સની દાણચોરી અને બીજા ગુનાના કાર્યો દેશને નુકસાન ચોક્કસ કરે છે. પણ આ કાળુ નાણું દેશના વિકાસની પ્રગતિ રોકે છે અને એ રીતે ગરીબ લોકોને એનાથી સૌથી વધુ નુકશાન થાય છે. કર વિરોધી માનસિકતા અને કર નહી ભરવાથી સરકારની આવક ઘટી જાય છે. આને કારણે વિકાસ કાર્યો, ગરીબ સહાયક કાર્યો અને મોટા માળખીય કાર્યો માટેની નાણાકીય મદદમા રૂકાવટ આવે છે. બીજા શબ્દોમા કહીએ તો દેશની પ્રગતિને નુકસાન થાય છે. આ બધુ જ સામાન્ય માણસને સૌથી વધુ અસર કરે છે. સરકારની ઓછી કમાણીને કારણે સરકારને કરવેરા વધારે નાખવા પડે છે. અને પ્રમાણિક માણસને વધુ કર આપવો પડે છે. જાયદાદ ખરીદવા માટે જે કાળુ નાણું આપવુ પડે છે જેને માટે પ્રમાણિક માણસને એનુ સફેદ નાણું કાળા નાણામાં પરિવર્તન કરવુ પડે છે. આનાથી વેચનારને કેપીટલ ગેઈમ ટેક્સમા બચત થાય છે.

**કાળા નાણાંની જમાખોરી**

અંદાજે GDPના ૨૫ થી ૪૦% સમાંતર અર્થતંત્ર દેશમા ચાલી રહ્યુ છે. કુલ નાણું જે ચલણમા છે એ કુલ ૧૪ લાખ કરોડ રૂપિયાનુ છે. આમાથી ૮૬% ચલણી નોટો ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાની નોટનું છે. એટલે કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જે ચલણમા છે એ કુલ લગભગ ૧૨ લાખ કરોડ કિંમતનુ છે. આમાથી RBI ના રિપોર્ટ પ્રમાણે લગભગ ૪૦% ચલણી નોટનો ઉપયોગ થતો નથી. એટલે કે એ બધી નોટોનો સંગ્રહ થયેલો છે. એનો અર્થ એ થાય છે કે કાળુ નાણું ચલણી નોટમા અથવા તો કેશના ફોર્મમા લગભગ ૫ થી ૬ લાખ કરોડ જેટલુ છે.

આપણે એ પણ ચર્ચા કરીકે કાળુ નાણું માત્ર રોકડામા નથી રખાતુ પણ ઘણુ બધુ નાણું બીજા પ્રકારમા એટલે કે એનાથી સોનુ, ચાંદી, જમીન — જાયદાદની ખરીદી થાય છે. આ બધી રીતે રખાયેલ કાળા નાણાં બહાર લાવવાની જરૂર છે. આ કાળા નાણાંનો આપણા દેશમા અથવા તો પરદેશમા સંગ્રહ કરવામા આવે છે. આ બધા કાળા નાણાંનો જે રીતે સંગ્રહ કરવામા આવે છે એ નીચે ચિત્રમા દર્શાવાયુ છે.




**રાજકારણીઓ કાળા નાણાં સામે નિર્ણયકતાથી વર્તવા કેમ નથી માંગતા ?** આપણે બધાને ખબર છે કે ચુંટણીમા કાળા નાણાંનો ભરપુર ઉપયોગ કરવામા આવે છે. આજ કાળા નાણાંથી મત ખરીદાય છે. રેલી અને બીજા કાર્યક્રમો યોજવામા આવે છે. અથવા ઘણી રીતે છૂટા હાથે કાળુ નાણું ઉપયોગમા લેવામા આવે છે. આજ નાણાંથી જે રાજકારણીઓ ને રાજ મળ્યુ હોય તો કાળા નાણાં સામે કડક વલણ કેવી રીતે રાખી શકે ? છેલ્લા ૩ વર્ષમા ચુંટણી વખતે ઘણુ બધુ રોકડ નાણું પકડ્યુ હતુ. પણ એનુ શુ થયુ ? એ રોકડા કોના હતા ? એ કશુ હજી બહાર નથી આવ્યુ.

**સરકારના કાળા નાણાં સામે કડક પગલા** જો સરકારે કાળા નાણાં સામે ઝુંબેશ શરૂ કરવી હોય તો સખતાઈથી કડક અને બહુજ સાહસિક પગલા ભરવા જરૂરી હતા. સમયની આ જરૂરત પણ હતી અને ભારતીયોની માગ પણ. કાળા નાણાં જે અનેક રીતે દેશ — પરદેશમા રાખેલ છે એ બધા પ્રકારે પાછા લાવવા જરૂરી હતા.

સાથે — સાથે ભવિષ્યમા આવા કાળા નાણાંનુ ફરીથી ઉત્પાદન ન થાય એવા કાયદા અને પદ્ધતિઓનની રચના કરવી જરૂરી હતી.કાળુ નાણું ઉત્પન કરવુ અઘરૂ અને જોખમી થાય અને એ સાથે ભારતીઓને કર અદા કરવા પ્રોત્સાહિત કરવાની પણ જરૂર છે.

ચલો, આપણે જોઈએ કે આ સરકારે છેલ્લા અઢી વર્ષમા કાળા નાણાંની ઝુંબેશ અનુસાર ક્યા પગલા લીધા છે ?

- સરકારની રચના થયાની સાથે જ વિશેષ તપાસ સમિતિ ની રચના કરી.
- ગરીબ લોકોને જે બેંકની વ્યવસ્થાથી બહાર હતા એમના માટે 'જન ધન યોજના' ની શરૂઆત કરી. આ યોજના અંતર્ગત લગભગ ૨૫ કરોડ લોકોના ખાતા ખોલ્યા અને એમને બેંકીગ વ્યવસ્થાની અંદર લેવાયા.
- કાળા નાણાની સ્વૈચ્છિક ઘોષણા કરવા નાગરિકોને પ્રોત્સાહિત કર્યા.
- ઝવેરાતની દુકાનથી રોકડમા ખરીદી થતી હોય તો Pan Card નંબર લેવાનુ ફરજીયાત કરવામા આવ્યું.
- બધીજ બેંકોને ડિજિટલ બેન્કીંગ અને ગામોમા પ્રસરવા માટે ફરજ પાડવામા આવી.
- ડિજિટલ ઇંન્ડિયા, ડિજિટલ કરન્સી અને પૈસાનો ડિજિટલ વ્યવહાર કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરે છે.
- પરદેશમા કાળા નાણાં સંગ્રહકાર સામે કડક કાયદા જેમા ૧૦ વર્ષ જેલ સુધીની જોગવાઇ છે.
- ઘણા દેશો સાથે સ્વચાલિત નાણાંકીય વ્યવહારની માહિતીની આપ-લે માટેની સંધિ કરી.
- પનામા લિંકમા સંડોવાયેલ ભારતીયોની તપાસ માટે સમિતિની રચના કરી.
- બહુજ કડક બેનામી જાયદાદ અને વ્યવહાર કાયદો પહેલી નવેમ્બરથી અમલી કર્યો.

આ રીતે છેલ્લા ૩૦ મહિનામા સરકારે કાળુ નાણુ ધરાવનાર લોકોને ઘણી બધી તકો આપી કે જેથી તે તેમના કાળા નાણાંની ઘોષણા કરી અને કર ભરી દે. સાથે — સાથે કડક કાયદા પણ બનાવ્યા. છતા પણ માત્ર થોડુ ક જ કાળુ નાણું બહાર આવ્યુ. તેના કારણે બહુજ કડક અને હિંમતભેર પગલા લેવાની જરૂર ઉભી થઇ. આ સાથે આંતકવાદનો જે નકલી નોટો પ્રિન્ટ કરવાથી ફાયદો થતો હતો તે પણ બંધ કરવુ જરૂરી હતુ. ડ્રગ માફિયા અને ક્રિમિનલ કાર્યો જે થતા હતા એને પણ રોકવા અને એને ધક્કો પહોંચાડવાની જરૂર હતી. આ બધામા ગુપ્તતા રાખવી અને એના પર ઓચિંતો હુમલો કરવો અનિવાર્ય હતુ. કે જેથી રોકડમા રાખેલ કાળુ નાણું લોકો સગેવગે ના કરી શકે.

નોટબંધીનો નિર્ણય ૮મી નવેમ્બરે, સરકારે હિંમતપૂર્વક, અડગતાથી ગુપ્તતા રાખી રોકડા કાળા નાણાં પર ઓચિંતો હુમલો કર્યો અને રાતના ૮ વાગે પ્રધાનમંત્રીએ પોતે જાહેર કર્યુ કે ૫૦૦ અને ૧૦૦૦ ની નોટ હવે કાયદેસર નથી. નોટબંધીની જાહેરાત કરવામા આવી. આ જાહેરાતનો હેતુ હતો કે જેટલુ બની શકે એટલુ બધુ રોકડમા રાખેલુ કાળુ નાણાંને બેંકમાં ડિપોઝીટ કરવા માટે નાગરિકોને મજબુર કરવામા આવે. સાથે જેની પણ આવક અને બચત કાયદેસર છે એ બધાને રાહત મળે. બીજો હેતુ એ પણ હતો કે જે રોકડ બહાર ન આવે એ બધાની કિંમત શૂન્ય થઇ જાય.

આ સાથે આપણે એ યાદ રાખવાની જરૂર છે કે નોટબંધી નિર્ણયનો હેતુ રોકડમા છુપાયેલુ કાળુ નાણું બહાર લાવવાનો હતો. આનાથી ભવિષ્યમા કાળુ નાણું પેદા નહી થાય એવી કોઇ ખાતરી ન આપી શકાય. સરકારને પણ આ વાતની ખબર છે. સરકારનો આ અદ્ભુત નિર્ણયે બધાને આશ્વર્ય ચક્તિ કરી દીધા. ૮૬% રોકડ રકમ જે અમલમા હતી એ નકામી થઇ ગઇ. એને બદલવાનુ ભગીરથ કાર્ય કરવાનુ હતુ. એમા બધાને અગવડતો પડવાની જ હતી. અને અગવડ પડી. પણ રોકડ કાળા નાણાંને બહાર લાવવા આના વગર બીજો કોઇ ઉપાય પણ ન હતો. પ્રધાનમંત્રી પોતે એમના ભાષણમા પણ અગવડથી લોકોને અવગત કર્યા હતા. પણ એ પણ વિશ્વાસ બતાવ્યો કે લોકો આ વાતને સમજશે અને સરકારને સાથ આપશે. લોકોએ સાથ આપ્યો. લાંબી લાઇનમા ઉભા રહીને પણ કાળા નાણાંની સામે સરકારની સાથે છે, એમ જોરશોરથી કહ્યુ. નાના વહેપારી અને દૈનિક વેતન કામદારોને વધારે તકલીફ પડી છતા આજ બધાએ સરકારને અભૂતપૂર્વ સાથ આપ્યો.

બધા નાગરિકોએ સરકાર સાથે આ દૂરદરંશી કાર્યમા ઉભા રહ્યા છે. પણ સરકાર પાસે એ પણ એ આશા રાખે છે કે સરકાર આજ રીતે વધુ કડક પગલા લઇ, સારી પદ્ધતિ વિકસાવી અને ભવિષ્યમા આવુ કાળુ નાણું ભેગુ ના થઇ શકે એવી વ્યવસ્થા કરશે. સાથે — સાથે સરકારે એવા પગલા તુરંત લેવા જોઇએ કે જેથી ગરીબ લોકો અને ખેડૂતોને જે પણ તકલીફ પડે છે એ જલદી થી દૂર થઇ શકે.

**નોટબંધીની આંતકવાદ પર અસર.** નાટબંધીની આંતકવાદીઓ ઉપર ઘણી માઠી અસર થઇ. એમની તો જાણે કમર જ તૂટી ગઇ છે. નકલી કરંસી હવે તેઓ નહી બનાવી શકે. એટલે આંતકવાદની નાણાંકીય મદદ ખૂબજ ઓછી અને ધીમી થઇ જશે. એટલે જ નોટબંધી પછી તરત શ્રીનગરમા પત્થર ફેંકવાના બનાવ બંધ થઇ ગયા. શાળાઓ પરીક્ષા માટે ખૂલી ગઇ. પરીક્ષામા વિદ્યાર્થીઓની હાજરી લગભગ ૯૯% જેટલી હતી.

બીજા લેખમા હુ આ નોટબંધીની દેશ પર દૂરગામી શુ અસર થશે. એ વિષે આપની સાથે ચર્ચા કરીશ. આ અંગે તમારા અભિપ્રાય મને નીચે જણાવેલ ઈમલ પર મોકલશો.

theopenpage@tripada.com
jd@tripada.com



અનુવાદકઃ કલ્પના પંચાલ

વેટરન વિંગ કમાંન્ડર
જયદેવ દેસાઇ

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad. All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386